નવેમ્બર-૨૦૧૬ ◆ વર્ષ : ૨૨ ◆ અંક : ૮ ◆ સળંગ અંક : ૨૬૦

બાલપુષ્ટિ



વાક્પતિ શ્રીવલ્લભ

ભેટપુસ્તક-વિશેષાંક : ૨૦૧૬-૧૭

શ્રીહરસાનીજી પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ

(ટ્રસ્ટ ર. નં. ઈ/૨૯૭૦ (મહેસાણા) તા. ૩૧-૧-૧૯૮૭)
[ઈન્કમટેક્ષ મુક્તિ નં. CIT/GNR/80G(5)/MHN-85/2007-2008]

visit us at www.vaishnavparivar.org

મુખપૃષ્ઠ ચિત્ર
શ્રી વિમળાબેન ભાટીયા અને શ્રી શ્યામસુંદર પુરોહિત

ટ્રસ્ટની પ્રવૃત્તિઓ

- વૈષ્ણવ પરિવાર (માસિક)
- બાલપુષ્ટિ (બાલમાસિક)
- પુસ્તક - ઓડિયો કેસેટ પ્રકાશન અને વિતરણ.
- શ્રીબેઠકજી નવનિર્માણ સેવા.
- ગૌસેવા.
- અશક્ત - આર્થિક તકલીફવાળાઓને વૈદકીય સહાય.
- સામાન્ય સ્થિતિવાળા તેજસ્વી વિદ્યાર્થીઓને શૈક્ષણિક સહાય.
- સારસ્વત સન્માન એવોર્ડ.
- પુષ્ટિમાર્ગ માટે વિશિષ્ટ સેવા આપનાર મહાનુભાવોનું શ્રીહરસાનીજી એવોર્ડથી સન્માન.
- રેનબસેરા
- સત્સંગ સત્રોનું આયોજન.
- બાળકો માટે વિવિધ સ્પર્ધાઓનું આયોજન.
- કુદરતી આપત્તિના પ્રસંગે આપદ્ગ્રસ્તોને સહાય.

બાલપુષ્ટિ : ખાસ સૂચના

■ વાર્ષિક લવાજમ દર વર્ષે ફકત ડીસેમ્બરથી ૨૮મી ફેબ્રુઆરી સુધી જ સ્વીકારાય છે. વર્ષની અધવચ્ચે સ્વીકારાતું નથી. ■ લવાજમનો પાવતી નંબર જ જે તે વર્ષનો ગ્રાહક નંબર છે. તે અંક પરના સરનામા સાથે છપાય છે. ■ અંક દર મહિનાની ૧૫મી તારીખે પોસ્ટ થાય છે. ■ દર મહિનાની આખર તારીખ સુધીમાં અંક ન મળે તો, મહેસાણા કાર્યાલયને જ જાણ કરવાથી બીજી નકલ મોકલાશે. ■ અંક ન મળવા અંગે પ્રતિનિધિને ફરિયાદ ન કરવી. ■ સરનામું બદલાય તો ગ્રાહક નંબર સાથે જૂનું અને નવું સરનામું તાત્કાલિક મહેસાણા કાર્યાલયને જણાવવું. ■ બધો જ પત્રવ્યવહાર મહેસાણા કાર્યાલય સાથે જ કરવો. ■ પત્રમાં ગ્રાહક નંબર અને પૂરું સરનામું લખવું.

■ રૂા.૨૫૦/-થી ઉપરની દ્રવ્ય સહાયની રકમ ઈન્કમટેક્ષ ધારાની કલમ ૮૦(જી) અન્વયે કરમુક્તિને પાત્ર છે.
■ ડ્રાફટ/ચેક 'શ્રીહરસાનીજી પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ'ના નામજોગ જ મોકલવો.
■ બેન્ક ઓફ બરોડાની કોઈ પણ શાખામાં શ્રીહરસાનીજી પ. ચે. ટ્રસ્ટના સેવિંગ્સ ખાતામાં રકમ ભરી શકાશે. સેવિંગ્સ ખાતા નંબર : ૦૧૫૨૦૧૦૦૦૦૪૮૮૯

મહેસાણા કાર્યાલય (સમય : સવારે ૧૧ થી સાંજે ૫)

શ્રી હરસાનીજી પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ
૩૨, શિવ સોસાયટી, વિભાગ-૨,
બી. કે. સિનેમાની બાજુમાં, મહેસાણા -૩૮૪૦૦૨
ફોન : (૦૨૭૬૨) ૨૪૨૩૫૩, ૨૩૦૧૬૦
ફેકસ : ૯૧-૨૭૬૨-૨૪૭૬૫૫
Email : shpct@hotmail.com

મુંબઈ કાર્યાલય (સમય : સવારે ૧૧ થી સાંજે ૫)

શ્રી વિજયભાઈ એમ. દેસાઈ
કેમિ ઈક્વિપ, દેવકરણ મેન્શન,
૧લા માળે, ૭૯, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૪૦૦ ૦૦૨
ફોનઃ (ઓ) ૨૨૦૧૦૦૮૪, ૨૨૦૬૦૮૫૮
(ઘર) ૨૩૬૯૩૮૨૧ ફેક્સ : ૯૧-૨૨-૨૨૦૬૦૮૫૮
Email : chemiequip79@gmail.com

વડોદરા કાર્યાલય (સમય : સવારે ૧૧ થી સાંજે ૫)

શ્રી હરસાનીજી પ. ચે. ટ્રસ્ટ (શ્રી મુકેશભાઈ બી. દલાલ)
SB-13, બ્લ્યુચીપ કોમ્પલેક્ષ, સ્ટોક એક્ષચેન્જ
ટાવરની બાજુમાં, સયાજીગંજ, વડોદરા

અંધેરી (મુંબઈ) કાર્યાલય

શ્રી વિનયભાઈ મહેતા
ડીલાઈટ એન્ટરપ્રાઈઝ, ૧, સાવિત્રી સદન
રાધિકા નિવાસ પાછળ, સર એમ. વી. રોડ, અંધેરી(ઈ),
મુંબઈ. [ફોન : ૨૬૮૩૭૦૪૭, ૨૬૮૩૦૪૮૩]
Email : delight@vsnl.com

ઘાટકોપર (મુંબઈ) સંપર્ક કેન્દ્ર

શ્રી દિલીપભાઈ એ. પારેખ
બ્લોક નં.૨૧૩૪/૩૫, ક્લોવર રીજેન્સી, બી વિન્ગ,૧૩મા
માળે, રામજી આશર લેન, મહાત્મા ગાંધી રોડ, ઘાટકોપર
(ઈસ્ટ), ફોનઃ(રહે) ૨૫૦૧૧૩૦૬ (ઓ) ૩૦૨૯૭૬૦૩

અમેરીકા સંપર્ક કેન્દ્ર

Bharat K. Mehta
28, Semel Avenue, Iselin,
NJ - 08830 (U.S.A.) PH :732-321-4041

Shri Rajendra K. Patel
1707, Edington, Portage, MI - 49024
Phone : 269-323-1880

Smt. Bhavana Vasudev Patel
33, Prairie Pointe Lane, Stream wood, IL-60107, U.S.A.
Ph. : 608-215-7811

|| શ્રી હરિઃ ||
|| શ્રીવલ્લભઃ ||

બાલપુષ્ટિ

ભેટપુસ્તક-વિશેષાંક : ૨૦૧૬-૧૭

નવેમ્બર-૨૦૧૬ ✦ વર્ષ : ૨૨ ✦ અંક : ૮ ✦ સળંગ અંક : ૨૬૦



વાક્પતિ શ્રીવલ્લભ

તંત્રી
વસંતબેન ર. પરીખ

લેખક
શ્રી રમેશભાઈ વિ. પરીખ

પ્રકાશક
શ્રી હરસાનીજી પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ, મહેસાણા

બાલમિત્રોને

વસંતબેનના ખૂબ પ્રેમભર્યા આશીર્વાદ અને જયશ્રીકૃષ્ણ.

વહાલા મિત્રો, તમારું માનીતું 'બાલપુષ્ટિ' તમને દિવાળીની ભેટ તરીકે દર વર્ષે એક રંગબેરંગી ચિત્રોવાળું સુંદર પુસ્તક ભેટ આપે છે, ખરુંને ? આ વર્ષે પણ આ સુંદર ચિત્રોવાળું પુસ્તક આપતાં ખૂબ આનંદ થઈ રહ્યો છે.

છેલ્લા પાંચ વર્ષથી આપણા સંપ્રદાયના પ્રતાપી આચાર્ય મહાનુભાવોનાં જીવનચરિત્રનું નિરૂપણ કરતાં સુંદર પુસ્તકો અપાઈ રહ્યાં છે. શ્રીગોપીનાથજી, શ્રીગુસાંઈજી, શ્રીગોકુલનાથજી, શ્રીહરિરાયજી અને શ્રીપુરુષોત્તમજી લેખવાળા વિશેના સચિત્ર પુસ્તકો તમને ખૂબજ ગમ્યાં છે. આ વર્ષે હવે આ જ શ્રેણીમાં 'વાક્પતિ શ્રીવલ્લભ' નામે આચાર્ય શ્રીમહાપ્રભુજીનું જીવનચરિત્ર સરળ ભાષામાં અને ટૂંકમાં સમજાવતું સચિત્ર પુસ્તક પ્રકાશિત થઈ રહ્યું છે. તમને થશે કે આચાર્ય મહાનુભાવોની શ્રેણીમાં શ્રીવલ્લભ વિશેનું પુસ્તક છેલ્લે કેમ પ્રગટ થયું ? તેનો જવાબ એ છે કે આ પુસ્તક ઘણાં વર્ષો પહેલાં 'મધુરા મહાપ્રભુજી' નામે શ્રી રમેશભાઈએ પ્રકાશિત કર્યું હતું. તે સમયે 'બાલપુષ્ટિ'ના ગ્રાહકોને ભેટ અપાયું હતું. પરંતુ ત્યારે ગ્રાહકસંખ્યા ઘણી ઓછી હોવાથી સૌને તે મળી શક્યું ન હતું. ઘણા વૈષ્ણવોની માગ હતી કે આ પુસ્તક પણ બહુરંગી ચિત્રોથી સજાવીને ફરી પ્રકાશિત કરવામાં આવે. આનંદનો વિષય છે કે આપની ઇચ્છા આજે ફળીભૂત થઈ રહી છે.

આશા છે કે શ્રીવલ્લભના આ દિવ્ય ચરિત્રને વાંચીને તમે સૌ એમના જીવન અને કાર્યોને સારી રીતે જાણી શકશો. આપણા પુષ્ટિમાર્ગને પ્રકટાવનાર શ્રીમહાપ્રભુજીના અલૌકિક સામર્થ્ય અને ભૂતળ ઉપરનાં કાર્યોને સમજી શકશો. અહીં ઘણા સંક્ષેપમાં આપશ્રીનો પરિચય કરાવવામાં આવ્યો છે. રસ પડે તો 'આનંદનો આવિષ્કાર : ભાગ-૧' પુસ્તક વાંચીને આપશ્રી વિશે વધુ માહિતી મેળવશો.

આ પુસ્તકનાં ચિત્રો શ્રી વિમલાબેન ભાટીયાના માર્ગદર્શનમાં શ્રી શ્યામસુંદર પુરોહિતજીએ તૈયાર કર્યાં છે. મનોરથી વૈષ્ણવોએ આ સુંદર પુસ્તકને તમારા સુધી પહોંચાડવાનું શક્ય બનાવ્યું છે. સૌને તમારા જયશ્રીકૃષ્ણ પાઠવશો અને આભાર માનશો.

પુસ્તક તમને ગમ્યું કે નહિ તે જરૂર જણાવશો.

- વસંતબેન પરીખ

* * *

શ્રીહરસાનીજી બાલ-યુવા સન્માન પારિતોષિક સ્પર્ધાઓ : ૨૦૧૬

'બાલપુષ્ટિ'ની વર્ષગાંઠ નિમિત્તે પૂ. પા. ગો. ૧૦૮ શ્રી ડૉ. વાગીશકુમારજી મહોદયશ્રી અને પૂ. પા. ગો. ૧૦૮ શ્રી યદુનાથજી મહોદયશ્રીના અધ્યક્ષસ્થાને શ્રીહરસાનીજી બાલ-યુવા સન્માન પારિતોષિક સ્પર્ધાઓનું આયોજન તા. ૨૫-૧૨-૨૦૧૬ ને રવિવારના રોજ અમદાવાદમાં શ્રીવલ્લભસદન ખાતે કરવામાં આવ્યું છે.

પાંચ સ્પર્ધાઓ અગિયાર વિભાગોમાં યોજાશે. તમે તે માટે ફોર્મ ભરીને મોકલી આપ્યાં હશે. સારી રીતે તૈયારી કરીને સ્પર્ધામાં ભાગ લેશો અને તમારા પુષ્ટિજ્ઞાન તથા પુષ્ટિમાર્ગીય કીર્તનગાન અને કલા-કૌશલ્યનો વિકાસ થાય તે માટે તથા પૂ. શ્રી આચાર્યચરણોના આશીર્વાદ પ્રાપ્ત થાય તે માટે પ્રયત્નશીલ બનશો.

ફોર્મ ભરીને ન મોકલ્યું હોય તો આજે જ મોકલી આપો.

- વસંતબેન પરીખ

૧. પાડો વેદ બોલ્યો

ભારતનો નકશો જુઓ. તેની દક્ષિણ-પૂર્વ દિશામાં નાનકડો દરિયો લહેરાય છે. એ છે આછા લીલા રંગનો બંગાળાનો ઉપસાગર. તેના વિશાળ કિનારે આંધ્રપ્રદેશ આવેલો છે. પ્રાચીન સમયમાં તે તૈલંગ દેશ તરીકે ઓળખાતો. ત્યાં સ્તંભાદ્રિ નામનો પર્વત છે. તેની તળેટીમાં ખળખળ કરતી કૃષ્ણા નદી વહે છે. કૃષ્ણા નદીના દક્ષિણ કિનારે ૫૦૦ વર્ષ પહેલાં કાંકરવાડ નામે મોટું ગામ આવેલું હતું.

ત્યાં તૈલંગ બ્રાહ્મણોની ઘણી મોટી વસ્તી. તેમાં એક ખૂબ વિદ્વાન બ્રાહ્મણ વસે. નામ યજ્ઞ નારાયણ ભટ્ટ. તેઓ ભારદ્વાજ ઋષિના વંશના પનોતા પુત્ર. વેલનાડુ તૈલંગ બ્રાહ્મણ. તેમની વિદ્વતા અને પવિત્રતાને સૌ વંદન કરતા.

ગામ લોકો તેમને વેદના અવતાર માનતા. તેમનો એક પ્રસંગ જાણીતો છે. કોઈક નાસ્તિક માણસે એક દિવસ ભટ્ટજીની મશ્કરી કરી, ‘વેદ જો ભગવાનની વાણી હોય, તો આ પાડા પાસે વેદના મંત્રો બોલાવો.’

ભટ્ટજીએ શાંતિથી જવાબ આપ્યો, ‘ભગવાનની ઈચ્છા થાય તો પાડો તો શું, પથ્થર પણ બોલવા લાગે ! અમસર્થને સમર્થ બનાવે એનું નામ ભગવાન.’ ભટ્ટજી ઊભા થઈ પાડા પાસે ગયા. તેના શરીર ઉપર પ્રેમથી હાથ ફેરવ્યો. પછી બોલ્યા, ‘હે પાડા! વેદનો ઉચ્ચાર કર.’ સૌની નવાઈ વચ્ચે પાડો બુલંદ સ્વરે વેદમંત્રો ગાવા લાગ્યો.

આવા પ્રતાપી હતા ભગવાનના સાચા ભક્ત યજ્ઞનારાયણ ભટ્ટ.

૨. ભગવાને વરદાન આપ્યું

યજ્ઞનારાયણ ભટ્ટના ગુરુ હતા શ્રી વિષ્ણુ મુનિ. એક વખત તેઓ ભટ્ટજીના ઘેર આવ્યા. તેમણે ભટ્ટજીને કહ્યું, ‘કેવળ વેદ ભણવાથી



સોમયજ્ઞ કરી રહેલા શ્રી યજ્ઞનારાયણ ભટ્ટજી

વીરમતિબેન જગુભાઈ અમીનના જયશ્રીકૃષ્ણ

ભગવાન નહિ મળે. ભગવાનની ભક્તિ કરો. ભક્તિથી ભઘવાન મળશે.' શ્રીવિષ્ણુ મુનિની આજ્ઞા માની, ભટ્ટજીએ વિષ્ણુસ્વરૂપ સોમયજ્ઞ આરંભ્યો. ખૂબ ભાવભક્તિપૂર્વક તે સોમયજ્ઞ કર્યો. યજ્ઞના અંતે શ્રીફળ હોમવાનો સમય થયો. ભટ્ટજીએ તેમના ઈષ્ટ દેવ શ્રીગોપાલ ભગવાનનું સ્મરણ કરી, યજ્ઞ-વેદીમાં પૂર્ણાહુતિનું શ્રીફળ હોમ્યું. ત્યાં જ અચાનક યજ્ઞવેદીમાંથી પીતાંબરધારી મુરલી-મનોહર શ્રીકૃષ્ણ પ્રગટ થયા. તેમના દિવ્ય સ્વરૂપનાં દર્શન કરતાં, ભટ્ટજી બે હાથ જોડી ઊભા રહ્યા.

'ભટ્ટજી, તમારી ભક્તિથી હું ઘણો પ્રસન્ન છું. તમે વરદાન માગો.'

'પ્રભુ ! તમે મળ્યા પછી મારે કોઈ વસ્તુની કમીના નથી. મારે બીજું કંઈ જોઈતું નથી.'

'ભટ્ટજી, તમારી સ્વાર્થ વિનાની ભક્તિથી હું વધારે પ્રસન્ન થયો છું. હું તમને વચન આપું છું કે તમારા વંશમાં જ્યારે સો સોમયજ્ઞ પૂરા થશે, ત્યારે હું પોતે પુત્રરૂપે પ્રગટ થઈશ અને ધર્મની રક્ષા કરીશ.'

સૌએ ભટ્ટજીનો જયજયકાર કર્યો. ભટ્ટજીએ તેમના આખા જીવન દરમિયાન કુલ ૩૨ સોમયજ્ઞો કર્યા.

૩. વંશમાં દેવ જ દેવ

જે વંશમાં ભગવાન પ્રગટ થવાના હોય તે વંશમાં પહેલાં દેવો પ્રગટ થાય. યજ્ઞ-નારાયણ ભટ્ટ પોતે વેદનો અવતાર. તેમના પુત્ર ગંગાધર નામ પ્રમાણે મહાદેવજીનો અવતાર. કોઈકે તેમની મજાક કરી : 'નામ ગંગાધર છે, પણ માથામાં ગંગા તો નથી !' ગંગાધરજીએ માથા પર બાંધેલો વાળનો મોટો અંબોડો છોડ્યો. તે સાથે જ મસ્તકમાંથી ગંગાજીનો પ્રવાહ ધોધની જેમ પડ્યો ! આવા ગંગાધરજીએ તેમના જીવન દરમિયાન ૨૮ સોમયજ્ઞ કર્યા.

ગંગાધરજીના પુત્ર હતા ગણપતિ ભટ્ટ. લોકો તેમને ગણપતિનો અવતાર માનતા. લોકોના કહેવાથી તેમણે ગામમાં આકાશમાંથી સોનામહોરોનો વરસાદ વરસાવેલો. લોકોને કબૂલ કરવું પડ્યું કે રિદ્ધિ-સિદ્ધિદાતા ગણપતિ જ પ્રગટ થયા છે. તેમણે ૩૦ સોમયજ્ઞો કર્યા.

તેમના પુત્ર હતા વલ્લભ ભટ્ટ. સૌ તેમના બાલમ ભટ્ટ કહેતા. તેમણે પણ પિતાના પગલે પગલે ૫ સોમયજ્ઞ કર્યા. એક દિવસ અંધારી રાત્રે તેમણે આકાશમાં સૂર્ય બતાવ્યો. ગામ લોકો નવાઈમાં ડૂબી ગયા. તેમને સૌ સૂર્યનો અવતાર કહેતા.

વલ્લભ ભટ્ટને બે પુત્ર. મોટા લક્ષ્મણ ભટ્ટ, નાના જનાર્દન ભટ્ટ. લક્ષ્મણ ભટ્ટને સૌ સત્યનો અવતાર કહેતા. તેઓ હંમેશાં સત્ય જ બોલતા. દક્ષિણ ભારતમાં એક મહારાજ્ય. વિજયનગર તેનું નામ. ત્યાંના રાજપુરોહિત હતા સુશર્માજી. તેમનાં પુત્રી ઈલ્લમા સાથે લક્ષ્મણ ભટ્ટનાં લગ્ન થયાં. લક્ષ્મણ ભટ્ટે ૫ સોમયજ્ઞ કર્યા. તે સાથે તેમના વંશમાં ૧૦૦ સોમયજ્ઞ પૂરા થયા.

૪. તાપ વિના પરમાત્મા નહિ

લક્ષ્મણ ભટ્ટને બે પુત્રો અને બે પુત્રીઓ. પણ હજી ભગવાન પ્રગટ થયા નહિ. તેમની શ્રદ્ધા ડગવા લાગી. તેમને ચિંતા થઈ, શું યજ્ઞ બરાબર થયા નહિ હોય? ભગવાન કેમ પ્રગટ થતા નથી? ગામમાં લોકો ટીકા કરવા લાગ્યા, 'એમ કંઈ ભગવાન રેઢા પડ્યા છે? યજ્ઞ કરવાથી ભગવાન પુત્ર બનીને આવતા હશે?'

લક્ષ્મણ ભટ્ટનું મન દુનિયામાંથી ઊઠી ગયું. સંન્યાસી બનવા ઘર છોડી ચાલી નીકળ્યા. કેરાલામાં પ્રેમાકર મુનિ પાસે ગયા. મુનિએ કહ્યું: 'ભગવાનનું વરદાન કદી ખોટું ન પડે. તપ કરાવ્યા વિના ભગવાન મળતા નથી. ભગવાનનો તાપ રાખજે. તારા ત્યાં તે પુત્રરૂપે જરૂર પ્રગટ થશે.'

લક્ષ્મણ ભટ્ટ ઘેર પાછા આવ્યા. ભગવાનના પ્રગટ થવાની રાહ જોવા લાગ્યા.

તેમના એક મિત્ર હતા. નામ શંકર દીક્ષિત. એક દિવસ શંકર દીક્ષિતે કહ્યું, 'ભટ્ટજી, જન્મ-જન્મોથી અનેક પાપ કર્યાં હશે. બધાં પાપ ન ધોવાય, ત્યાં સુધી મોક્ષ ન મળે. તીર્થયાત્રાથી પાપ ધોવાય. માટે હું કાશી, પ્રયાગ અને ગયાની યાત્રાએ જવાનું વિચારું છું.'

'શંકર, મને પણ પૂર્વજન્મોનાં પાપ નડતાં લાગે છે. તેથી જ ભગવાન પુત્ર બનીને પધારતા નથી. ચાલ, હું પણ તારી સાથે તીર્થયાત્રા કરવા આવું. એકથી બે ભલા.'

લક્ષ્મણ ભટ્ટ યાત્રાએ નીકળ્યા. બાળકો નાના ભાઈને સોંપ્યાં. પત્ની ઈલ્લમાજી સાથે છે. સૌ પહેલાં તેઓ પ્રયાગ ગયા. ત્યાં ગંગા-યમુના-સરસ્વતીનો ત્રિવેણી સંગમ છે. ત્યાં તેમને કૃષ્ણદાસ નામના એક દીવાનનો ભેટો થયો. ભટ્ટજીએ કૃષ્ણદાસને પુત્ર માટે આશીર્વાદ આપ્યા. કૃષ્ણદાસે ભટ્ટજીને પોતાના ગુરુ કર્યા. ત્યાંથી ભટ્ટજી ગયા આવ્યા. ત્યાં પિતૃશ્રાદ્ધ કરી કાશી આવ્યા. કાશીમાં લાંબો સમય રહેવાનું નક્કી કર્યું. એક ઘર રાખ્યું. કાશીના બ્રાહ્મણોને સો સોમયજ્ઞની પૂર્ણાહુતિ નિમિત્તે બ્રહ્મભોજન કરાવ્યું. અહીં તેમના મનને શાંતિ મળી. ઈલ્લમાજી કાશીમાં ગર્ભવતાં થયાં. લક્ષ્મણ ભટ્ટને આશા બંધાણી, હવે ભગવાન જરૂર પ્રગટ થશે.

૫. ભગવાન ભક્તની કસોટી કરે છે

કાશીમાં છ-એક મહિના વીત્યા. ભટ્ટજીને ઘણી સુખશાંતિ હતી. ત્યાં એક દિવસ સમાચાર આવ્યા. દિલ્હીના મુસલમાન બાદશાહનું લશ્કર કાશી લૂંટવા આવી રહ્યું છે. સૌ કાશીવાસીઓ જીવ બચાવવા ભાગવા લાગ્યા. લક્ષ્મણ ભટ્ટ પણ પત્નીને સાથે લઈ, વતનમાં જવા નીકળ્યા. તેમનાં થોડાં સગાં-વહાલાં પણ સાથે હતાં. ઈલ્લમાજીની તબિયત સારી નહોતી. ગાડાની મુસાફરી થકવી નાખે એવી હતી. તેમને બહુ કષ્ટ પડતું હતું. બંને તકલીફ વેઠીને પણ ધીમે ધીમે આગળ વધતાં હતાં.

એક દિવસ રાત્રે બંનેને એકસરખું સ્વપ્ન આવ્યું. ભગવાને દર્શન આપ્યાં. પછી તેઓ બાળક બની ગયા. શ્રીબાલકૃષ્ણનાં તેમને દર્શન થયાં. વળી, ભગવાને એમ પણ કહ્યું, 'હું બહુ જલદી તમારા પુત્રરૂપે પ્રગટ થઈશ. હું પુત્ર બનીને આવું, ત્યારે મને આ તુલસી માળા પહેરાવજો.' ભગવાને તેમને તુલસીમાળા આપી. ભટ્ટજી અને ઈલ્લમાજી બહુ રાજી થયાં. ભગવાન પધારશે એના આનંદમાં દુ:ખ ભુલાઈ ગયું.

મુસાફરી કરતાં કરતાં તેઓ મધ્યપ્રદેશ પહોંચ્યાં. ત્યાં ચંપારણ્ય નામે જંગલમાં સાંજ પડી ગઈ. આજુબાજુ કોઈ ગામ નહીં. સાથેનાં મુસાફરો આગળ નીકળી ગયેલાં. ઈલ્લમાજીને પેટમાં પીડા ઉપડી. જંગલમાં રોકાઈ જવું પડ્યું. રાત પડી. ગાઢ અંધારું છવાઈ ગયું. ત્યાં એક વૃક્ષ નીચે, અડધી રાત્રે ઈલ્લમાજી ગર્ભસ્રાવ થયો. સાતમાં અધૂરા માસે બાળક જન્મ્યું. બાળક જન્મતાં જ મરેલા જેવું અચેતન હતું. અંધારામાં તેમણે પોતાની સાડીમાંથી કપડું ફાડ્યું. અચેતન બાળકને તેમાં લપેટ્યું. પછી તેને વૃક્ષની એક બખોલમાં મૂકી દીધું. ઉપર પાંદડાં ઢાંકી દીધાં.

બંને ઘણાં દુ:ખી થયાં. સ્વપ્નનો ઉત્સાહ ભાંગી ગયો. દુ:ખ સહન કરતાં રહ્યાં. જંગલમાં રાત રોકાવું જોખમકારક હતું. બંને ભગવાનનું નામ લેતાં લેતાં આગળ વધ્યાં.

થોડા માઈલ ગયા પછી એક ગામ આવ્યું. ગામનું નામ જાણી ભટ્ટજીને યાદ આવ્યું કે આ ચૌડા ગામ કૃષ્ણદાસ દીવાનનું છે. તેઓ દીવાનજીની હવેલીએ જઈ રાત રોકાયાં.

રાત્રે સ્વપ્નમાં ફરી ભગવાને દર્શન આપ્યાં. કહ્યું, ‘જ્યાં ગર્ભસ્રાવ થયો હતો, ત્યાં પાછાં ફરો, ત્યાં હું તમને પુત્રરૂપે મળીશ. મને તમારી સાથે લઈ જાઓ.’

બંને જણ ફરી ખૂબ રાજી થયાં. તેમનું બધું જ કષ્ટ ભુલાઈ ગયું. સવાર થતાં તેઓ ચંપારણ્ય તરફ પાછાં ચાલ્યાં.

૬. નંદ ઘેર આનંદ ભયો

બંને ઝડપથી ચંપારણ્ય આવ્યાં. રાતના મુકામવાળું સ્થળ શોધવા લાગ્યાં. શોધતાં શોધતાં મહા નદીને કિનારે આવ્યાં. ત્યાં ઘણાં શમીવૃક્ષો હતાં. ઈલ્લમાજી વૃક્ષોનાં બખોલ શોધવા લાગ્યાં. અચાનક બંનેની નજર થોડે દૂર ગઈ. આઠ-દશ હાથ લાંબા-પહોળા અગ્નિકુંડ જેવું દેખાયું. ભડભડ અગ્નિ બળતો હતો. ઊંચી ઊંચી જ્વાળાઓ નીકળતી હતી. તેમને નવાઈ લાગી. બંને ત્યાં દોડ્યાં. વૃક્ષ ફરતેની વાડ જેવી ત્યાં જાણે અગ્નિની વાડ હતી. વચ્ચે નદીકાંઠાની સુંદર મુલાયમ રેતી હતી. એક કેસરી વસ્ત્ર ઉપર તાજું જ જન્મેલું સુંદર બાળક સૂતું હતું. જમણા પગને બે હાથે પકડી તેનો અંગૂઠો મોંમાં ચૂસતું હતું. ખિલખિલાટ હસતું હતું. તેના શરીરનો રંગ ઘેરો ઘઉંવર્ણો હતો. મસ્તક પર વાંકડિયા ગુચ્છાદાર વાળ હતા. આંખો મોટીમોટી અને તેજસ્વી હતી. લલાટ વિશાળ હતું. તે પર કસ્તૂરી-તિલક શોભતું હતું.

બાળકનાં દર્શન કરી, બંનેને આશ્ચર્ય સાથે આનંદ થયો. ઈલ્લમાજી બોલ્યાં, ‘આ મારું જ બાળક છે. તેને જોતાં જ મારી છાતીમાંથી દૂધ વહેવા લાગ્યું છે.’

‘દેવી, અગ્નિ બાળકની રક્ષા કરે છે. જો બાળક તમારું હશે, તો અગ્નિ તમને જરૂર માર્ગ આપશે. જરાયે ગભરાયા વિના જાઓ.’ ઈલ્લમાજી



ચંપારણ્યમાં શ્રીવલ્લભનું પ્રાગટ્ય.

ડૉ. રેશ્માબેન ડાહ્યાલાલ જીમુલીયા ના જયશ્રીકૃષ્ણ

ભગવાનનું સ્મરણ કરતાં આગળ વધ્યાં. અલોપ થઈ ગયો. તેમણે બાળકને ઊંચકી લઈ છાતીએ લગાવ્યું. પછી બાળકને ભટ્ટજીના હાથમાં મૂક્યું. તેનાં દર્શન કરી ભટ્ટજીએ કહ્યું, 'દેવી, સાક્ષાત્ ભગવાન જ પ્રગટ થયા છે! ભગવાન બીજા બાળકની જેમ માતાની કૂખેથી પધારતા નથી. આપોઆપ પ્રગટ થાય છે. આપણને પણ એ જ અનુભવ કરાવ્યો છે.'

ત્યાં તો આકાશમાં વિમાનો આવ્યાં. તેમાં બેઠેલ દેવોએ પુષ્પવૃષ્ટિ કરતાં જયજયકાર કર્યો. જંગલમાં તપ કરતા ઋષિમુનિઓ દોડી આવ્યા. તેમણે વેદમંત્રો ઉચ્ચાર્યા. ચંપારણ્યમાં આખું અલૌકિક વ્રજધામ ઊતરી આવ્યું. ત્યાં બહુ મોટો નંદમહોત્સવ થયો. સૌએ ત્યાં બાળકને પલને ઝુલાવ્યા. ભટ્ટજી અને ઈલ્લમાજી તો જાણે આ અલૌકિક આનંદમાં ડૂબી ગયાં.

૭. શ્રીવલ્લભ પુરુષોત્તમરૂપ

લક્ષ્મણ ભટ્ટે ત્યાં જ બાળકની છઠ્ઠીનો વિધિ કર્યો. જન્મપત્રિકા બનાવી. બાળકનું નામ 'વલ્લભ' રાખ્યું. વલ્લભ એટલે વહાલા. તેઓ સૌને વહાલા બનશે, માટે વલ્લભ !

આ વખતે કાશીમાં તપ કરતા માધવાનંદ બ્રહ્મચારીને ગંગાજીમાંથી ભગવદ્ વાણી સંભળાઈ, 'વ્રજલીલાનાં દર્શન કરવાં હોય, તો તું ચંપારણ્ય જા. ત્યાં સાક્ષાત્ પરમાત્મા પ્રગટ થયા છે.

અજમેર પાસે આવેલા પુષ્કર તીર્થમાં મુકુંદદાસ નામના ભક્ત રહેતા હતા. તેમના પર પ્રભુ પ્રસન્ન થયા. તેમણે મુકુંદદાસને પણ એ જ આજ્ઞા કરી, 'ભગવાનનાં દર્શન કરવા જલદી ચંપારણ્ય પહોંચ.'

ઉત્તરપ્રદેશમાં ગંગાકિનારે સોરમ ગામ. ત્યાં કેશવાનંદજી પાસે ઘણા વિદ્યાર્થીઓ ભણતા. કેશવાનંદજીએ સમાધિ ઊતરતાં વિદ્યાર્થીઓને કહ્યું,

'હમણાં જ ક્યાંક પૃથ્વી ઉપર ભગવાન પ્રગટ થયા છે. પણ તે સ્થળ મને અનુભવમાં આવ્યું નથી.'

ગુરુજીની વાત સૌએ સાંભળી. ત્યાં કૃષ્ણદાસ મેઘન નામના વિદ્યાર્થી. તેઓ ભગવાનને શોધવા તાબડતોબ નીકળી પડ્યા.

શ્રીવલ્લભ વિક્રમ સંવત ૧૫૩૫ (ઈ.સ. ૧૪૭૯)માં ચૈત્ર વદી એકાદશીને રવિવારે પ્રગટ થયા હતા. મધ્યાહ્ન સમયે પ્રાગટ્ય થયું હતું. બરાબર તે જ દિવસે અને સમયે વ્રજમાં શ્રી ગિરિરાજજી ઉપર શ્રીગોવર્ધનનાથજીનું સ્વરૂપ પ્રગટ થયું.

શ્રીવલ્લભના પ્રાગટ્ય સમયે દામોદરદાસ હરસાનીજી પાંચ વર્ષના હતા. તેમના પિતાની સાથે તેમણે ચંપારણ્યમાં શ્રી વલ્લભનાં દર્શન કરેલાં. તેમને સાક્ષાત્ શ્રી કૃષ્ણ-સ્વરૂપે દર્શન થયાં હતાં. માટે સૌ ભક્તો શ્રદ્ધાથી ગાય છે કે 'જોઈ વલ્લભ સોઈ સ્યામ, શ્રીવલ્લભ પુરુષોત્તમરૂપ.'

૮. અદ્ભુત બાલલીલા

લક્ષ્મણ ભટ્ટને સમાચાર મળ્યા. મુસલમાન લશ્કર કાશી ગયું નહોતું. કાશીમાં કોઈ તોફાન પણ થયું નથી. તેઓ પત્ની અને પુત્રને લઈ કાશી પાછા ગયા.

લક્ષ્મણ ભટ્ટ બાલવલ્લભ માટે કાશીનાં પ્રસિદ્ધ રમકડાં લાવતા. રંગબેરંગી રમકડાં તેમને રમવા આપતા. ઘણાં રમકડાંમાંથી બાલવલ્લભ બે રમકડાં ઉપાડી લેતા. એક હતી સફેદ ગાય ને બીજું શ્રીકૃષ્ણનું સ્વરૂપ. તેઓ ગાયને વહાલથી પંપાળતા અને કૃષ્ણની મૂર્તિને છાતીએ લગાડતા. હવે તો વલ્લભ ભાંખોડિયા ભરવા લાગ્યા, એટલે વારંવાર પિતા પાસે દોડી જતા. તેમના પિતા જ્યારે વિદ્યાર્થીઓને ભણાવતા હોય, ત્યારે પિતાની પોથી બે હાથમાં ઉપાડી વાંચવા લાગતા.

તેઓ થોડા મોટા થયા. હવે રમકડાં તરફ નજર પણ કરતા નથી. ખોળામાં પિતાની પોથી લઈ બેસી જતા. ન સમજાય તેવું કંઈક બોલ્યા કરતા. આ જોઈ કાશીના પંડિતો કહેતા, 'પુત્રનાં લક્ષણ પારણામાંથી. વલ્લભ મોટા થઈને મહાવિદ્વાન બનશે. ભગવાનના પ્રિય ભક્ત બનશે. ગાયોના ઉદ્ધારક થશે.'

એક જોષીએ વલ્લભના પગનાં તળિયાં જોયાં. કહે, 'બંને ચરણમાં સોળ શુભ ચિહ્નો છે. ભગવાનનાં ચરણારવિંદમાં આવાં જ શુભ સોળ ચિહ્નો છે. માટે તમારો પુત્ર સામાન્ય બાળક નથી. સાક્ષાત્ બાલકૃષ્ણ જ છે.'

તેઓ થોડા મોટા થયા ત્યાં સુધી બોલતા નહોતા. માતાને ચિંતા થતી. એક દિવસ શ્રી કાશીવિશ્વનાથ મહાદેવ સાધુનું રૂપ લઈ, શ્રી વલ્લભનાં દર્શને આવ્યા. તેમણે શ્રીવલ્લભને પૂછ્યું, 'ભગવાન, આ કયું રૂપ લીધું છે.'

જવાબમાં શ્રીવલ્લભ પ્રથમ વખત સંસ્કૃતમાં બોલ્યા, 'સર્વેશ્વર ભગવાન બધું જ પોતાની ઈચ્છા મુજબ કરે છે.'

બાળક વલ્લભના મુખમાંથી પહેલવહેલું આવું વાક્ય સાંભળી, માતાપિતાને ઘણી નવાઈ લાગી.

હવે શ્રીવલ્લભ પિતાની સાથે પંડિતો પાસે જતા. ધર્મવાર્તા સાંભળતા. ચર્ચામાં નિર્ણય ન થાય, ત્યાં તેઓ એકાદ વાક્યમાં તેનો નિર્ણય બતાવતા. તે સાંભળી વિદ્વાનો નવાઈ પામી કહેતા, 'શ્રીવલ્લભ વાક્પતિ (વાણીના પતિ) છે.' ઘણા તેમને 'બાલ સરસ્વતી' કહેતા.

એક દિવસ શ્રીવલ્લભ સાથે રમવા માટે મહોલ્લાનાં બાળકો આવ્યાં. તેમણે કહ્યું, 'ચાલો, આપણે રાજા-રાજાની રમત રમીએ.' વલ્લભ, તમે રાજા બનો.

વલ્લભે કહ્યું, 'ના, હું રાજા નહીં, હું તો ગુરુ બનીશ. તમે સૌ શિષ્યો બનો. હું તમને ભગવાનની વાતો કહીશ.'

એક વખત સવારે શ્રીવલ્લભ જાગ્યા, ત્યારે ઘરનાં સૌ ઉદાસ હતાં. તેમણે જોયું કે ઘરમાં સૌની માનીતી ગાય 'પયોદા' મૃત્યુ પામી છે. શ્રીવલ્લભ ગાય પાસે ગયા. ગાયના શરીર ઉપર પોતાનો હસ્ત ફેરવીને પ્રેમથી કહ્યું, 'પયોદા, ઊભી થા. મારે તારું દૂધ પીવું છે.' તરત આળસ મરડી પયોદા ઊભી થઈ. સૌને થયું, શ્રીવલ્લભ બીજાં બાળકો જેવા બાળક નથી. ચોક્કસ સાક્ષાત્ ભગવાન જ છે.

એક દિવસ સવારે લક્ષ્મણ ભટ્ટ ગંગાસ્નાન કરીને ઘેર પાછા આવ્યા. આંગણામાં શ્રીવલ્લભ એમની ઉંમરના એક બાળક સાથે વાતો કરતા હતા. તે બાળકનું નામ સગુણદાસ. તે પડોશમાં રહેતા ઢાઢી કુટુંબનો દીકરો હતો. ભટ્ટજીએ શ્રીવલ્લભને ઘરમાં બોલાવીને કહ્યું, 'વલ્લભ, સગુણદાસ આપણી જેમ બ્રાહ્મણ નથી. તે શૂદ્ર જાતિનો છે. તમે બ્રાહ્મણ બાળક સાથે રમો.'

શ્રીવલ્લભે વિનયથી કહ્યું, 'પિતાજી, તમે રોજ ભાગવત વાંચો છો. એમાં કહ્યું છે કે બધા માણસો ભગવાનના અંશ છે, માટે તેમનામાં ભેદભાવ ન જોવો. ભગવાનની ભક્તિ કરવાનો અધિકાર સૌને છે. આ વાત સાચી?'

'બેટા, એ વાત તદ્દન સાચી.'

'તો પિતાજી, સગુણદાસમાં પણ ભગવાનનો અંશ છે. તેના સંસ્કાર બ્રાહ્મણથી જરાય ઊતરતા નથી. હું તેની સાથે કેમ રમી ન શકું?'

લક્ષ્મણ ભટ્ટ જવાબ આપી શક્યા નહિ આમ, બાલ વલ્લભનાં પાંચ વર્ષ પૂરાં થયાં.

૯. શ્રીવલ્લભનો વિદ્યાભ્યાસ

લક્ષ્મણ ભટ્ટે પાંચ વર્ષના શ્રીવલ્લભને પાટી-પેન લઈ અક્ષર ઘૂંટાવવાની શરૂઆત કરી. પહેલા જ દિવસે શ્રીવલ્લભ ‘શ્રીકૃષ્ણ’ લખતા થઈ ગયા. ભટ્ટજી રોજ શ્રીવલ્લભને ભાગવત, રામાયણ અને મહાભારતની વાર્તાઓ કહેતા. શ્રીવલ્લભને એ વાર્તાઓ તરત જ યાદ રહી જતી. ત્રણેક વર્ષમાં તેમણે ઘણું બધું શીખી લીધું.

તેમની ઉંમર આઠ વર્ષની થઈ. બહુ ધામધૂમથી રામનવમીના દિવસે પિતાએ તેમને જનોઈ આપી. શ્રીવલ્લભ હવે બ્રહ્મચારી બન્યા. પિતાની આજ્ઞા પ્રમાણે વિદ્યાભ્યાસ કરવા ગુરુના ત્યાં ગયા. તેમના ગુરુનું નામ શ્રીવિષ્ણુચિત હતું. આઠ વર્ષના વલ્લભ ગુરુના આશ્રમમાં રહેવા લાગ્યા. ગુરુની ઘણી સેવા કરતા. ગુરુ પાસે તેમણે ચારે વેદનો અભ્યાસ કર્યો. પછી ભટ્ટજીએ તેમને બીજાં શાસ્ત્રોનો અભ્યાસ કરવા નારાયણ દીક્ષિત પાસે મોકલ્યા. ત્યાં તેમણે અન્ય સર્વ શાસ્ત્રોનો અભ્યાસ કર્યો. તિરુમલ્લજી નામના વિદ્વાન પાસેથી પણ તેમણે ઘણું જ્ઞાન મેળવ્યું.

આમ, ત્રણ ગુરુ અને પિતા પાસેથી સર્વ શાસ્ત્રો ભણ્યા. છેલ્લે તેઓ માધવેન્દ્ર યતિ નામના ગુરુ પાસે આવ્યા. ત્યાં વૈષ્ણવ ધર્મનાં શાસ્ત્રો ભણ્યા. ગીતા, ભાગવત, બ્રહ્મસૂત્ર વગેરેનો અભ્યાસ કર્યો.

બે વર્ષના ટૂંકા ગાળામાં તો શ્રીવલ્લભ સર્વ શાસ્ત્રોમાં પારંગત થઈ ગયા. તેમના બધા ગુરુ કહેતા, ‘આ કોઈ સામાન્ય બાળક નથી. અમને લાગે છે કે ભગવાન કૃષ્ણ જ ફરીથી અમારા આશ્રમે ભણવા પધાર્યા છે. ભણતાં ભણતાં જ વલ્લભ અમારી સાથે શાસ્ત્રાર્થ કરવા લાગી જાય છે. તેઓ આગળ જતાં હિન્દુ ધર્મનો જરૂર ઉદ્ધાર કરશે.’



કાશીમાં ગુરુને ત્યાં રહી વિદ્યાભ્યાસ કરી રહેલા શ્રીવલ્લભ.

સ્વ. હિતેનભાઈ શાંતિલાલ ઉનડકટના જયશ્રીકૃષ્ણ



શ્રીવલ્લભ કોઈ સામાન્ય બાળક નથી પણ સાક્ષાત્ પ્રભુનું પ્રાકટ્ય છે એ વાત લક્ષ્મણભટ્ટજી ઈલમ્માગારુજીને જણાવી રહ્યા છે.

સ્વ. ચંપાબેન મોહનલાલ દેવાણી (કેશોદ)ના જયશ્રીકૃષ્ણ

૧૦. લક્ષ્મણ ભટ્ટનું ગોલોકગમન

વિદ્યાભ્યાસ પૂરો થયો. શ્રીવલ્લભ દશ વર્ષના થયા. લક્ષ્મણ ભટ્ટે વિચાર કર્યો, એક વખત દક્ષિણની યાત્રા કરી આવીએ. વતનમાં પણ જઈ આવીએ. વલ્લભને કુળદેવતા ભગવાન બાલાજીનાં દર્શન કરાવીએ.

સૌ યાત્રાએ નીકળ્યાં. તિરુપતિ પહોંચ્યાં. ત્યાં ભગવાન બાલાજીનાં દર્શન કરતાં જ લક્ષ્મણ ભટ્ટના હૃદયમાંથી તેજનાં કિરણો છૂટ્યાં. તેમનો આત્મા શ્રીબાલાજીમાં સમાઈ ગયો. સૌને ભારે દુઃખ થયું. ત્યાં તેમનો અગ્નિસંસ્કાર કરવામાં આવ્યો. પછી સૌ વિજયનગર ગયાં. ત્યાં શ્રીવલ્લભે માતાની, મામાની અને મોટાભાઈની રજા માગી, 'મારે ભારત-પરિક્રમા કરવી છે. સર્વ તીર્થોનાં દર્શન કરવાં છે. ધર્મશાસ્ત્રોની ચર્ચા કરવી છે. મને રજા આપો.'

મહામુસીબતે સૌની રજા મળી. શ્રીવલ્લભ ભારતયાત્રાએ નીકળ્યા.

૧૧. શ્રીવલ્લભની ભારતયાત્રા

શ્રીવલ્લભની ઉંમર માત્ર દશ વર્ષની. એ ઉંમરે તો કોઈ બાળક મા-બાપને મૂકી એકલું ગામ બહાર પણ ન જાય. ત્યારે શ્રીવલ્લભ આખા દેશની યાત્રા કરવા નીકળ્યા. તેમણે ત્રણ પ્રતિજ્ઞાઓ કરી : (૧) હું પગમાં પાદુકા પહેરીશ નહિ. જીવનભર ખુલ્લા પગે ફરીશ. (૨) હું આજીવન સીવેલું વસ્ત્ર નહિ પહેરું, માત્ર ધોતી-ઉપરણો ધરીશ. (૩) યાત્રામાં ગામબહાર કોઈ વૃક્ષ નીચે મુકામ કરીશ. બનશે ત્યાં સુધી ગામમાં મુકામ કરીશ નહિ.

તેમની સાથે યાત્રામાં તેમના પિતાના ચાર સેવકો પણ જોડાયા. શ્રીવલ્લભ પોતાના ઠાકોરજીનાં ઝાંપીજી જાતે જ પોતાના મસ્તકે



શ્રીવલ્લભ વિદ્યાનગરમાં મામાને ત્યાં પધારે છે.

પ.ભ.શ્રી ચંદ્રાવલીબેન ગૌરાંગભાઈ ત્રિવેદીના જયશ્રીકૃષ્ણ

ઉપાડતા. પોતાની રસોઈ જાતે બનાવતા. શ્રીઠાકોરજીને ભોગ ધરીને જ પોતે ભોજન કરતા. બહુ જ સાદાઈ અને સંયમથી રહેતા.

કાશીથી તેમની પરિક્રમા શરૂ થઈ. સૌ પહેલાં ચિત્રકૂટ પહોંચ્યા. પછી તેમના પ્રાગટ્ય-સ્થાન ચંપારણ્ય પધાર્યા. ત્યાં તેમણે શ્રીભાગવતનું પારાયણ કર્યું. ત્યાંથી મધ્યપ્રદેશમાં આવેલા વૃદ્ધિનગર (હાલનું વર્ધા) શહેરમાં પધાર્યા. ત્યાં કપૂરચંદ હરસાનીના સૌથી નાના પુત્ર દામોદરદાસને સેવક કરી, સાથે લીધા. આ દામોદરદાસજી શ્રીવલ્લભના પ્રાગટ્ય-સમયે ચંપારણ્યમાં હતા.

શ્રીવલ્લભ ત્યાંથી તેમના વતન કાંકરવાડ પધાર્યા. કુટુંબને મળ્યા. કાંકરવાડથી મોસાળ વિજયનગર પધાર્યા. રસ્તામાં પુષ્પદંત નામના વિદ્વાન સાથે તેમનો મેળાપ થયો. શ્રીવલ્લભ સાથે શાસ્ત્રચર્ચા થઈ કે કોની પૂજા કરવી જોઈએ : ગણપતિની કે શ્રીગોપાલની ?

શ્રીવલ્લભે ગીતાના શ્લોકો ટાંક્યા. સિદ્ધ કર્યું કે પરમાત્મા શ્રીકૃષ્ણની જ સેવાપૂજા કરવી જોઈએ, કારણ કે શ્રીકૃષ્ણમાં સર્વ દેવો સમાયેલા છે. શ્રીકૃષ્ણની સેવા-પૂજામાં સર્વ દેવોની પૂજા થઈ જાય છે. માટે ગણપતિની અલગ પૂજા કરવાની જરૂર નથી.

શ્રીવલ્લભ ત્યાંથી મંગળપ્રસ્થ ગામે પધાર્યા. ત્યાં ભગવાન પન્ના નૃસિંહજીનાં દર્શન કર્યાં. આગળ વધતાં તિરુપતિ પધાર્યા. તિરુપતિમાં શ્રીબાલાજીનાં દર્શન કર્યાં. અનેક વિદ્વાનો સાથે ચર્ચા કરી સૌને જીત્યા.

આમ, શાસ્ત્રચર્ચામાં સૌને જીતતાં જીતતાં તેઓ વિજયનગર પધાર્યા. વિજયનગરમાં તે વખતે કૃષ્ણદેવ રાજા રાજ્ય કરતા હતા. વિજયનગર દક્ષિણનું મહારાજ્ય હતું. શ્રી વલ્લભ ત્યાં પધાર્યા, ત્યારે રાજાએ એક



કૃષ્ણદેવરાય રાજા વિદ્યાનગરની ધર્મસભામાં શ્રીવલ્લભને પ્રણામ કરી આવકારી રહ્યા છે.

સંધ્યાબેન પંકજભાઈ પરીખના જયશ્રીકૃષ્ણ

ધર્મસભા બોલાવી હતી. એવું નક્કી કર્યું હતું કે જે વિદ્વાન સૌને જીતે તેમના સેવક બનવું.

૧૧ વર્ષના શ્રીવલ્લભ રાજ્યસભામાં પધાર્યા. સૌને ભારે નવાઈ લાગી. ત્યાં મોટા મોટા આચાર્યો અને વિદ્વાનો હાજર હતા. સૌની સાથે શ્રીવલ્લભે ૨૮ દિવસ સુધી શાસ્ત્રચર્ચા કરી. તેમાં સૌ હારી ગયા. સૌએ શ્રીવલ્લભનો વિજય સ્વીકારી લીધો.

રાજા કૃષ્ણદેવે પવિત્ર નદીઓનાં જળમાં સો મણ સોનાનાં ફૂલ પધરાવી, વેદમંત્રો સાથે શ્રીવલ્લભનો કનકાભિષેક કર્યો. બધા વિદ્વાનોએ શ્રીવલ્લભને 'આચાર્ય'ની પદવી પ્રદાન કરી. શ્રીવલ્લભ ભારતના પાંચમા આચાર્ય બન્યા. તેમની પહેલાં શ્રી શંકર, શ્રી રામાનુજ, શ્રીમધ્વ અને શ્રી નિમ્બાર્ક આચાર્ય બન્યા હતા. રાજા કૃષ્ણદેવ અને તેમનું આખું કુટુંબ સૌ શ્રીવલ્લભનાં સેવક થયાં. આમ, શ્રી વલ્લભે અન્ય સર્વ મતોનો પરાજય કર્યો. પોતાનો શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદ પક્ષ સ્થાપિત કર્યો.

રાજા કૃષ્ણદેવે કનકાભિષેકનું સોનું શ્રીવલ્લભને ભેટ ધર્યું. ત્યાગી શ્રીવલ્લભે તેનો સ્વીકાર ન કર્યો. બધું સોનું બ્રાહ્મણોને અપાવી દીધું. તેમણે માત્ર રાજાની સાત સોનામહોરો સ્વીકારી. તેનાં નૂપુર બનાવી ભગવાન શ્રી વિઠ્ઠલનાથજીને ધરાવ્યાં. આવા ત્યાગી અને ઉદાર હતા શ્રીવલ્લભ!

શ્રીવલ્લભ દક્ષિણની તીર્થયાત્રા કરતાં વિષ્ણુકાંચી પધાર્યા. ત્યાં શ્રીવરદરાજ સ્વામીનું સુંદર મંદિર છે. આપ દર્શન કરવા પધાર્યા. તેમણે જોયું કે મંદિરનાં બધાં પગથિયાં ઉપર બંગાળના ભક્તકવિ જયદેવજીના રચેલા ગ્રંથ 'ગીતગોવિંદ'ની અષ્ટપદીઓ કોતરેલી છે. જેમ ભગવાનના સ્વરૂપને પગ ન લગાડાય, તેમ ભગવાનના નામને પણ પગ ન લગાડાય.



કૃષ્ણદેવરાય રાજા શ્રીવલ્લભને સુવર્ણમુદ્રા ભરેલો થાળ ભેટ ધરે છે.

ગો.વા. હરીશ પ્રભુદાસ કલાપી તથા ગો.વા.જયદીપ હરીશ કલાપીના જયશ્રીકૃષ્ણ

આથી શ્રીવલ્લભ ત્યાંથી જ ભગવાનને પ્રણામ કરી, પાછા પધાર્યા. રાતે સ્વપ્નમાં ભગવાને તે મંદિરના પૂજારીને આજ્ઞા કરી, 'પગથિયાં પર પિત્તળનાં પતરાં જડાવી દો, જેથી મારા નામ ઉપર પગ મૂકવાનો કોઈ અપરાધ ન થાય.'

બીજા દિવસે શ્રીવલ્લભ ત્યાં પાછા પધાર્યા. પગથિયાં ઉપર પતરાં જડેલાં જોયાં. છતાં તેઓ ઢીંચણની મદદથી પગથિયાં ચઢી મંદિરમાં પધાર્યા. પગના પંજા પગથિયાં ઉપર મૂક્યા નહિ, કારણકે પતરાની નીચે પણ ભગવાનનું નામ લખાયેલું હતું. એ રીતે શ્રીવલ્લભ શ્રી વરદરાજ સ્વામીના મંદિરમા પધાર્યા અને તેમનાં દર્શન કર્યાં.

દક્ષિણમાં ઠેર ઠેર તેમને ધર્માંધ ઉગ્રવાદીઓનો સામનો કરવો પડ્યો. એક ઠેકાણે એક અઘોરી સાધુ મળ્યો. તેણે યોગબળથી સૂર્ય અને ચંદ્રની ગતિને રોકી બતાવી. ત્યારે શ્રીવલ્લભના એક સેવકે શ્રીવલ્લભના કૃપાબળથી તેને જમીનસરખો ચિપકાવી દીધો. પરિણામે તે તેની જાતે ખસી શક્યો નહિ. શ્રીવલ્લભે આજ્ઞા કરી, 'બીજાઓને આંજવા માટે ચમત્કાર ન બતાવો. ચમત્કારથી બુદ્ધિમાં પરિવર્તન આવતું નથી. જીવન-પરિવર્તન માટે સાચું જ્ઞાન આપો.'

એક બીજો યોગી શ્રીવલ્લભને મળ્યો. તેણે કહ્યું, 'હું યોગબળથી આકાશમાં ઊડી શકું છું.' શ્રીવલ્લભની સામે તે ઊડવા ગયો, પણ પાછો જમીન પર પડ્યો. તેનું યોગબળ ચાલ્યું નહિ. તે શરમાઈને જતો રહ્યો.'

એક સ્થળે વીર શૈવો આવ્યા. શ્રીવલ્લભ અને તેમના સેવકો સાથે ઝઘડો કરવા માંડ્યા. શાસ્ત્રાર્થમાં તેઓ હાર્યા એટલે મારામારી ઉપર આવ્યા. શ્રીવલ્લભે સેવકોને આજ્ઞા કરી, 'આ ધર્માંધ અને અસહિષ્ણુ લોકો છે. તેમનો સામનો કરો.' સેવકોએ તેમનો સામનો કરવા ગોફણો

છોડી. ગોફણો એવી કુશળતાથી છોડી કે કોઈને શરીર ઉપર જરા પણ ઈજા ન થાય. બધા ભય પામીને નાસી ગયા.

શ્રીવલ્લભે સમજાવ્યું, 'આપણે પ્રાણીમાત્ર ઉપર દયા રાખવી જોઈએ, પણ જેઓ વિના વાંકે આપણને મારવા આવે, તેમની સામે હાથ જોડીને ઊભા ન રહેવાય. તેમની સામે આપદ્ ધર્મરૂપે લડી લેવું જોઈએ. જે સમજથી વિવેક ન શીખે, તેને લડીને વિવેક શીખવવો પડે.'

શ્રીવલ્લભ તામ્રપર્ણી નદીના કિનારે પધાર્યા. ત્યાંથી બે ગાઉ દૂર એક મોટું શહેર હતું. તેના રાજપુરોહિત શ્રીવલ્લભ પાસે આવ્યા. તેમણે કહ્યું, 'મહારાજ, અમારા રાજા કાળજવરથી ખૂબ પીડાય છે. ઘણા ઉપચાર કર્યા, પણ કોઈ પરિણામ આવ્યું નથી. એક તાંત્રિકે રાજાના કદનો, સોનાનો કાળપુરુષ (પૂતળું) તૈયાર કરાવી ગોઠવ્યો છે. કોઈ બ્રાહ્મણ તેનું દાન સ્વીકારે, તો રાજાનો રોગ મટી જાય. ઘણા બ્રાહ્મણો સોનાના લોભમાં દાન લેવા આવ્યા, પણ પૂતળામાંથી કાળપુરુષને જીવતો-જાગતો બહાર આવતો જોઈ, સૌ ભાગી ગયા. આપ અમારા રાજાને બચાવો.'

શ્રીવલ્લભ રાજસભામાં ગયા. ત્યાં તેમનું ઘણું સ્વાગત થયું. શ્રીવલ્લભે દાન સ્વીકારવા હસ્તમાં જળ લઈ સંકલ્પ કર્યો. ત્યાં જ કાળપુરુષ હાજર થયો. તેણે શ્રીવલ્લભ સામે એક આંગળી ઊંચી કરી. સામે શ્રીવલ્લભે ત્રણ આંગળીઓ ઊંચી કરી. કાળપુરુષ શ્રીવલ્લભને મસ્તક નમાવી, ચૂપચાપ ચાલ્યો ગયો. રાજાનો તાવ ઊતરી ગયો. તેણે શ્રીવલ્લભને સોનાનું પૂતળું દાનમાં સ્વીકારવા વિનંતી કરી.

શ્રીવલ્લભે આજ્ઞા કરી, 'તેના ટુકડા કરાવી બ્રાહ્મણને વહેંચી દો. હું કોઈનું દાન સ્વીકારતો નથી.' શ્રીવલ્લભે એ પણ ખુલાસો કર્યો કે

કાળપુરુષ એક આંગળી બતાવી પૂછતો હતો, 'તમે દિવસમાં એક વખત પણ વિધિપૂર્વક સંધ્યાવંદન કરો છો?' મેં ત્રણ આંગળી બતાવી કહ્યું, 'હું સવાર, બપોર, સાંજ-ત્રણ વખત સંધ્યાવંદન કરું છું. આથી તે નમી પડ્યો અને ચાલ્યો ગયો.' આ શહેરમાં શ્રીવલ્લભનો ઘણો જયજયકાર થયો.

આમ, દક્ષિણની યાત્રા કરતા કરતા શ્રીવલ્લભ પંઢરપુર પધાર્યા.

૧૨. હું નંદન, તમે તાત

પંઢરપુરમાં ભીમરથી નદીના કિનારે શ્રીવલ્લભે મુકામ કર્યો. ત્યાં શ્રીભાગવતજીનું પારાયણ કર્યું. પંઢરપુરમાં બિરાજતા શ્રી પાંડુરંગ વિઠ્ઠલનાથ ભગવાન શ્રીવલ્લભ પાસે પધાર્યા. તેમણે શ્રીવલ્લભને આજ્ઞા કરી, 'હવે આપ લગ્ન કરો, જેથી આપના વંશ દ્વારા જીવોનો ઉદ્ધાર થાય.'

તે વખતે ત્યાં શ્રીગોવર્ધનનાથજી પ્રગટ થયા. તેમણે પણ શ્રીવલ્લભને એ જ આજ્ઞા કરી, 'તમે લગ્ન કરો. મારે તમારા ત્યાં પુત્ર બનીને પ્રગટ થવું છે. હજી ઘણા જીવોનો ઉદ્ધાર કરવાનો બાકી છે.'

શ્રીવલ્લભ આજીવન બ્રહ્મચારી રહેવા ઈચ્છતા હતા, પરંતુ તેમણે વિચાર કર્યો કે ભગવાનની જેમાં પ્રસન્નતા હોય, એમ કરવું જોઈએ. તેમણે ભગવાનની પ્રસન્નતા માટે લગ્ન કરવાનું સ્વીકાર્યું.

નવ વર્ષ પછી પહેલી ભારતયાત્રા પરિપૂર્ણ થઈ. આ નવ વર્ષમાં શ્રીવલ્લભે કન્યાકુમારીથી હિમાલય અને જગન્નાથપુરીથી દ્વારકા સુધીની પહેલી યાત્રા પૂર્ણ કરી.

૧૩. મથુરામાં ચમત્કાર

શ્રીવલ્લભ પહેલી યાત્રા દરમિયાન મથુરા પધારેલા. યાત્રાળુઓથી હમેશાં ધબકતું રહેતું મથુરા શહેર ત્યારે સાવ સૂમસામ હતું. શ્રીવલ્લભને



શ્રીવલ્લભને મળવા માટે પંઢરપુરના શ્રી વિઠ્ઠલનાથજી પધાર્યા છે.

રમેશ જી. ભાટીયા (બેંગ્લોર)ના જયશ્રીકૃષ્ણ

સમાચાર મળ્યા કે મુસલમાન સૂબાએ વિશ્રામઘાટ ઉપર મંત્રેલો એક કાગળ લગાવ્યો છે. તેથી વિશ્રામઘાટ પર જનાર હિન્દુઓની ચોટી કપાઈ જાય છે ને મુસલમાન જેવી દાઢી બની જાય છે. તેઓ ધર્મભ્રષ્ટ થાય છે, આથી કોઈ મથુરા આવતું નથી, કોઈ વિશ્રામઘાટે યમુનાસ્નાન કરવા માટે પણ જઈ શકતું નથી.

આ સાંભળી શ્રીવલ્લભ પોતાના સેવકો સાથે વિશ્રામઘાટ પધાર્યા. પાછળ પાછળ મથુરાના કેટલાક લોકોય ગયા. શ્રીવલ્લભના કૃપાબળે કોઈની ચોટી કપાઈ નહિ. કોઈને દાઢી ઊગી નહિ. સૌએ શ્રીવલ્લભનો અને શ્રીયમુનાજીનો જયજયકાર કર્યો.

શ્રીવલ્લભે પોતાના બે સેવકોને એવો જ એક બીજો કાગળ આપ્યો. તેમને દિલ્હી મોકલ્યા. દિલ્હીના મુખ્ય દરવાજે તે કાગળ લગાવડાવ્યો. આથી ત્યાંથી પસાર થનાર મુસલમાનોની દાઢી દૂર થઈ જતી. માથે મોટી ચોટી બની જતી. આ વાત દિલ્હીની બાદશાહ સિકંદર લોદીએ જાણી. તેણે શ્રીવલ્લભના સેવકોને બોલાવ્યા. તેમણે કહ્યું, ‘અમારે તમારી સામે કોઈ દુશ્મનાવટ નથી. અમે બધા ધર્મોને આદર આપીએ છીએ. દરેકે શ્રદ્ધાથી પોતપોતાનો ધર્મ જીવવો જોઈએ. અમે અમારો ધર્મ જીવીએ. તમે તમારો ધર્મ જીવો. મથુરામાંથી તમે કાગળ ઉઠાવી લો. અમે અહીંનો કાગળ ઉઠાવી લઈશું.’

બાદશાહના ગળે વાત ઊતરી. તેમણે તે પ્રમાણે કરાવ્યું. બધી હિન્દુ પ્રજા શ્રીવલ્લભની કૃપાથી નિર્ભય બની.

૧૪. હોનહારે શ્રીવલ્લભનું ચિત્ર દોર્યું

બાદશાહ સિકંદર લોદી પાસે એક મશહૂર ચિત્રકાર. તેનું નામ હોનહાર. બે માણસ કાપડનો એક લાંબો તાકો બે છેડેથી પકડીને ઊભા રહે. હોનહાર

મારતે ઘોડે હાથમાં કલમ લઈ, તે કાપડ ઉપર લીટી દોરે. એટલી ઝડપે દોડતા ઘોડા ઉપર બેઠાં બેઠાં તેની લીટી કાપડના એક જ સળંગ તાંતણા ઉપર એક સરખી દોરાય. આવો મહાન ચિત્રકાર હતો !

તે શ્રીવલ્લભને શોધતો શોધતો વ્રજમાં આવ્યો. શ્રીવલ્લભ ગોકુળ પધાર્યા હતા. હોનહાર ગોકુળ પહોંચ્યો. હોનહારને એની શક્તિનું ભારે અભિમાન. તે છુપાઈને શ્રી વલ્લભનું ચિત્ર દોરવા લાગ્યો. ઘણા પ્રયત્નો કર્યા. ચિત્ર દોરાયું નહિ. તેનું અભિમાન ઓગળી ગયું. તે શ્રીવલ્લભ પાસે આવ્યો. નમી પડ્યો. શ્રીવલ્લભે આજ્ઞા આપી, એટલે તરત સુંદર ચિત્ર તૈયાર થઈ ગયું. શ્રીવલ્લભે સમજાવ્યું, 'ભગવાને આપણને ઘણીબધી શક્તિઓ આપી છે. એ શક્તિ આપણી નથી, ભગવાનની છે. માટે માણસે પોતાની શક્તિનું કદી પણ અભિમાન કરવું નહિ. પોતાની કલા ભગવાન માટે સદા વાપરવી.'

શ્રીમહાપ્રભુજીનું આ ચિત્ર આજે અજમેરથી થોડે દૂર આવેલા કિશનગઢ શહેરના રાજમહેલમાં બિરાજે છે.

૧૫. શ્રીયમુનાષ્ટકનું પ્રાગટ્ય

શ્રીવલ્લભ ગોકુળ પધાર્યા, ત્યારે ગામ ઉજ્જડ થયેલું હતું. એક પણ મકાન નહીં. કોઈ માણસ નહીં. ચોમેર ગાઢ જંગલ. તેમણે પોતાના સેવકોને કહ્યું, 'અહીં જ ભગવાન શ્રીકૃષ્ણ પ્રગટ થયા હતા. અહીં જ બાલલીલાઓ કરી હતી. અહીં ગોવિંદઘાટ અને ઠકુરાણીઘાટ હતા. આજે તેનાં કોઈ ચિહ્ન નથી. એ સ્થાન બતાવનાર પણ કોઈ દેખાતું નથી.'

ત્યાં જ શ્રીયમુનાજીના સામા કિનારેથી સાક્ષાત્ શ્રીયમુના મહારાણીજી જળ ઉપર ચાલતાં ચાલતાં પધાર્યાં. તેમનાં સાક્ષાત્ દર્શન કરી, શ્રીવલ્લભને ઘણો આનંદ થયો. તેમણે બે હાથ જોડી શ્રીયમુનાજીની



શ્રી ગોકુળમાં શ્રીયમુનાજી શ્રીવલ્લભને સાક્ષાત્ દર્શન આપે છે.

મધુસુદન નટવરલાલ શાહ (મુંબઈ)ના જયશ્રીકૃષ્ણ



શ્રીમહાપ્રભુજી દૈવી જીવોનો ઉદ્ધાર કેવી રીતે કરવો તેની ચિંતામાં વિચારમગ્ન છે, ત્યારે શ્રીઠાકોરજી તેમને દર્શન આપે છે.

પ.ભ. શ્રીમતી ભાવનાબેન સુરેશભાઈ શેઠ (મુંબઈ)ના જયશ્રીકૃષ્ણ

સ્તુતિ કરતાં 'શ્રીયમુનાષ્ટક' ગાયું. શ્રીયમુનાજી ઘણાં પ્રસન્ન થયાં. તેમણે બધાં સ્થળ બતાવ્યાં. શ્રીવલ્લભ ગોવિંદઘાટ ઉપર બિરાજ્યા. ત્યારે તેમની ઉંમર માત્ર ૧૪ વર્ષની હતી. આ ઉંમરે તેમણે 'શ્રીયમુનાષ્ટક'ની રચના કરી હતી.

૧૬. બ્રહ્મસંબંધની આજ્ઞા

ત્યાં બિરાજી શ્રીવલ્લભે એક અઠવાડિયું શ્રીભાગવત પારાયણ કર્યું. આપને રોજ વિચાર આવતો, 'મને ભગવાને તેમના કૃપાપાત્ર જીવોનો ઉદ્ધાર કરવા પૃથ્વી પર મોકલ્યો છે. પૃથ્વી પર મને ૧૪ વર્ષ વીતી ગયાં. અહીં બધા જીવો દુષ્ટ સ્વભાવના છે. દોષથી ભરેલા છે. ભગવાન જ પોતે નિર્દોષ છે. ગંદા કાપડને સારું કાપડ અડે તો ગંદું કાપડ સારું બનતું નથી. ઊલટું, તે સારા કાપડને ગંદુ બનાવે છે. દુષ્ટ સ્વભાવના જીવો અને નિર્દોષ ભગવાનનો સંબંધ કેવી રીતે કરાવવો ?'

આ વિચારમાં એક અઠવાડિયું વીત્યું. પારાયણ પૂરું થયું. શ્રાવણ સુદ અગિયારસની રાત હતી. શ્રીવલ્લભને ઊંઘ આવતી નથી. આપ જાગતા સૂઈ રહ્યા છે. મધ્યરાત્રિ થઈ. અંધારી રાતે અચાનક આકાશ તેજસ્વી પ્રકાશથી ઝળહળી ઊઠ્યું. સાક્ષાત્ ભગવાન શ્રીકૃષ્ણ શ્રીવલ્લભની સામે પ્રગટ થયા. તેમનાં દર્શન કરી શ્રીવલ્લભને ઘણો આનંદ થયો. શ્રીકૃષ્ણે આજ્ઞા કરી, 'હું તમને એક મંત્ર આપું છું. તેનું નામ બ્રહ્મસંબંધ મંત્ર છે. તમે આ મંત્ર જે લોકોને આપશો, તેમના બધા દોષ દૂર થશે. તેઓ મારે લાયક બનશે. હું તેમનો હાથ હંમેશ માટે પકડીશ. તેમનો ઉદ્ધાર થશે.'

શ્રીકૃષ્ણે શ્રીવલ્લભને બ્રહ્મસંબંધ મંત્ર આપ્યો. શ્રીવલ્લભે તેમને કેસરી પવિત્રું ધરાવ્યું. મિસરી આરોગાવી. 'મધુરાષ્ટક' ગાઈને તેમની સ્તુતિ કરી.



મધ્યરાત્રિએ પ્રકટ થઈ શ્રીઠાકોરજીએ શ્રીવલ્લભને બ્રહ્મસંબંધની આજ્ઞા કરી, ત્યારે આપશ્રી શ્રીઠાકોરજીને પવિત્રું ધરે છે.

મૃદુલાબેન દિલીપભાઈ મજમુદાર (અમદાવાદ)ના જયશ્રીકૃષ્ણ

બીજા દિવસે સવારે શ્રીવલ્લભે પોતાના પ્રિય સેવક દામોદરદાસ હરસાનીજીને સૌ પ્રથમ બ્રહ્મસંબંધ આપ્યું. શ્રીઠાકોરજીની આજ્ઞા સમજાવવા શ્રીવલ્લભે 'સિદ્ધાંત-રહસ્ય'નામનો ગ્રંથ રચ્યો. તે દામોદરદાસને શીખવ્યો.

૧૭. શ્રીવલ્લભનો બીજો કનકાભિષેક

શ્રીવલ્લભ મધ્યપ્રદેશમાં આવેલા ઓડછા રાજ્યમાં પધાર્યા. ત્યાં રાજા રામભદ્રદેવ રાજ્ય કરતા હતા. તેમની સભામાં એક તાંત્રિક આવ્યો. તેનું નામ ઘટ-સરસ્વતી. તેણે એક ઘડામાં સરસ્વતી દેવીને સાધી રાખ્યાં હતાં. તે દેવી પાસે જેવું બોલાવે તેવું તે બોલતાં. તેમની મદદથી ઘટ-સરસ્વતી બધા જ વિદ્વાનોને જીતતો. તેના કહેવાથી રાજા રામભદ્રદેવે ધર્મસભા બોલાવી. ઘટ-સરસ્વતીએ બધા વિદ્વાનોને સરસ્વતી દેવીની મદદથી હરાવ્યા. આ વાત જાણી શ્રી વલ્લભ ત્યાં પધાર્યા. તેમની પાસે ઘટ-સરસ્વતીની લુચ્ચાઈ ચાલી નહિ. ઘડામાંથી દેવીએ શ્રીવલ્લભની તરફેણમાં તેમનો મત આપ્યો. આથી ઘટ-સરસ્વતી હારીને ચાલ્યો ગયો. સૌએ શ્રીવલ્લભનો જય જયકાર કર્યો.

રાજાએ શ્રીવલ્લભનો કનકાભિષેક કર્યો. વિદ્વાનોએ તેમને આચાર્યતિલક કર્યું. શ્રી વલ્લભની કીર્તિ હવે આખા ભારતમાં ફેલાઈ ગઈ હતી.

૧૮.જગન્નાથપુરીમાં શ્રીવલ્લભ

યાત્રા કરતા કરતા શ્રીવલ્લભ જગન્નાથપુરી પધાર્યા. એકાદશીનો દિવસ હતો. ભગવાન શ્રીજગન્નાથજીનાં તેઓ દર્શન કરતા હતા. ત્યાં એક ભક્તે શ્રીવલ્લભના જમણા હસ્તમાં શ્રીજગન્નાથજીનો સખડી પ્રસાદ મૂક્યો. ત્યાંના નિયમ પ્રમાણે પ્રસાદની ના પડાય નહિ. પરંતુ પોતાને

એકાદશીનું વ્રત. ઉપવાસ તોડાય નહિ. આ ધર્મસંકટમાંથી શ્રીવલ્લભે સુંદર માર્ગ કાઢ્યો. તેઓ એકાદશીનો બાકીનો દિવસ અને આખી રાત ત્યાં જ ઊભા રહ્યા. ઊભા ઊભા તેમણે ભગવાનનાં ગુણગાન ગાયાં. બારસનું સવાર પડ્યું. શ્રીજગન્નાથજીને વંદન કરી તેમણે પ્રસાદ લીધો. શ્રીવલ્લભ આવા કુશળ હતા. ધર્મનું બરાબર પાલન કરતા હતા.

ત્યાંના રાજા ગજપતિએ એક ધર્મસભા બોલાવી હતી. સભા સમક્ષ તેમણે ચાર પ્રશ્નો મૂક્યા હતા : (૧) સૌથી મોટા દેવ કોણ? (૨) સૌથી મોટું શાસ્ત્ર કયું? (૩) સૌથી મોટો મંત્ર કયો? (૪) સૌથી મોટું કર્મ કયું? બધા વિદ્વાનોમાં આ ચારે પ્રશ્નોના જવાબ માટે ભારે મતભેદ રહ્યો. શ્રીવલ્લભે સૂચન કર્યું, 'શ્રી જગન્નાથજી પાસેથી જ આપણે આ પ્રશ્નોના જવાબ મેળવીએ.'

શ્રી જગન્નાથજી સામે કોરો કાગળ, શાહી અને કલમ મૂકવામાં આવ્યાં. શ્રીજગન્નાથજીએ લેખિત જવાબ આપ્યો : (૧) સૌથી મોટા દેવ દેવકીપુત્ર શ્રીકૃષ્ણ છે. (૨) સૌથી મોટું શાસ્ત્ર તેમણે ગાયેલી ગીતા છે. (૩) સૌથી મોટો મંત્ર તેમનું નામ છે. (૪) સૌથી મોટું કર્મ તેમની સેવા છે. આ જવાબથી સૌને સંતોષ અને આનંદ થયો. રાજા ગજપતિએ શ્રીવલ્લભનું ઘણું સન્માન કર્યું.

૧૯. શ્રીવલ્લભે અનેક સ્વરૂપ ધારણ કર્યા

શ્રીવલ્લભ ઉજ્જૈન પધાર્યા. ત્યાં ક્ષિપ્રા નદીના કિનારે સાંદીપનિ ઋષિનો આશ્રમ, જ્યાં ભગવાન શ્રીકૃષ્ણે વિદ્યાભ્યાસ કરેલો. શ્રીવલ્લભ ત્યાં બિરાજ્યા. આજુબાજુમાં કોઈ વૃક્ષ નહીં. અનાયાસ પીપળાનું એક લીલું પાન ઊડતું ઊડતું તેમનાં ચરણ પાસે આવીને પડ્યું. આપે ત્યાં ખાડો કરી, તેમાં તે પાન રોપ્યું. ઉપર જળ રેડ્યું. થોડી મિનિટોમાં તે પાનમાંથી પીપળાનું મોટું વૃક્ષ બની ગયું. આવો ચમત્કાર જોઈ ઘણા લોકો દર્શન કરવા આવ્યા.

કેટલાક બ્રાહ્મણો શાસ્ત્રાર્થ કરવા આવ્યા. તેઓ હારી ગયા. બીજા દિવસે બસો બ્રાહ્મણો એક ટોળું બનાવીને આવ્યા. સૌ એકી સાથે અલગ અલગ પ્રશ્નો પૂછવા માંડ્યા. શ્રીવલ્લભે કહ્યું, 'દરેક જણ વારાફરતી પ્રશ્ન પૂછો, તો ચર્ચા થાય.' પણ કોઈ માન્યા નહિ. સૌએ એક સાથે જ પ્રશ્ન પૂછવાનો આગ્રહ રાખ્યો. જેટલા બ્રાહ્મણો હતા, એટલાં સ્વરૂપ ધારણ કરી શ્રીવલ્લભે દરેકને ચૂપ કરી દીધા. બ્રાહ્મણો શરમાઈને ચાલ્યા ગયા.

આવું અદ્‌ભુત પ્રતાપબળ શ્રીવલ્લભે બતાવ્યું.

૨૦. શ્રીનાથજીની સ્વપ્નમાં આજ્ઞા

શ્રીવલ્લભ જે દિવસે ચંપારણ્યમાં પ્રગટ થયા, તે જ દિવસે શ્રીનાથજી ગિરિરાજમાં પ્રગટ થયા. તેમણે ત્યાંના વ્રજવાસીઓને આજ્ઞા કરી હતી કે 'તમે હમણાં મને બહાર પધરાવશો નહિ. મારી ઈચ્છા થશે, ત્યારે હું બહાર પધારીશ.' શ્રીવલ્લભ ભારતયાત્રા કરતા હતા. એક દિવસ રાતે સ્વપ્નમાં શ્રીનાથજીએ આપને દર્શન આપી આજ્ઞા કરી, 'તમે જલદી ગિરિરાજ પધારો. મને બહાર પધરાવો. મારી સેવા કરો.'

શ્રીવલ્લભ ત્યાંથી સીધા જ ગિરિરાજ પધાર્યા. આન્યોરમાં સદુ પાંડેના ઘર પાસે ચોતરા ઉપર બિરાજ્યા. બીજા દિવસે સવારે પર્વત પર પધાર્યા. શ્રીજીબાવા શ્રીવલ્લભને મળવા સામે પધાર્યા. બંનેનું ત્યાં પ્રથમ મિલન થયું. શ્રીવલ્લભે પર્વતની કંદરામાંથી શ્રીજીબાવાનું સ્વરૂપ બહાર પધરાવ્યું. વ્રજવાસીઓની મદદથી છાણ-માટીનું નાનું મંદિર બનાવ્યું. તેમાં શ્રીનાથજીને પધરાવ્યા. પછી આપશ્રીએ સેવા શરૂ કરી.

શ્રીનાથજીને મોટા મંદિરમાં બિરાજવાની ઈચ્છા થઈ. તેમણે પંજાબમાં



ઝારખંડમાં શ્રીનાથજીબાવા શ્રીવલ્લભને શ્રીગિરિરાજ પધારવા અને પોતાને શ્રીગિરિરાજજીની કંદરામાંથી બહાર પધરાવવા આજ્ઞા કરે છે.

નીતિન સૂર્યકાન્ત શાહ (વડોદરા)ના જયશ્રીકૃષ્ણ



કૃષ્ણદાસ મેઘન સદુ પાંડેને સમજાવી રહ્યા છે કે અમારા સ્વામી પોતાના સેવક સિવાય કોઈનું પણ કાંઈ લેતા નથી.

ગો.વા. નિરૂપમાબેન ડાહ્યાલાલ જીમુલીયાના જયશ્રીકૃષ્ણ



શ્રીવલ્લભ શ્રીજીબાવાનું પ્રસાદી દૂધ
પોતાને આપવા નરોને કહી રહ્યા છે.

ચોક્સી ભાનુપ્રસાદ જમનાદાસ (અમદાવાદ)ના જયશ્રીકૃષ્ણ.



શ્રીવલ્લભ અને શ્રીગોવર્ધનધર પ્રભુનું પ્રથમ મિલન.

એક વૈષ્ણવ (મહેસાણા)ના જયશ્રીકૃષ્ણ

રહેતા પૂરનમલ ઝવેરીને નવું મંદિર બાંધવા આજ્ઞા કરી. પૂરનમલ એક લાખ રૂપિયા લઈ ત્યાં આવ્યા. શ્રીમહાપ્રભુજીની આજ્ઞાથી મંદિર બાંધનાર શિલ્પી હીરામણિને આગ્રાથી બોલાવવામાં આવ્યા. મંદિર બનવા માંડ્યું. અડધું મંદિર બન્યું. પૂરનમલના બધા રૂપિયા ખર્ચાઈ ગયા. શ્રીવલ્લભની આજ્ઞા લઈ, તેઓ બીજા રૂપિયા કમાવા ગયા. બીજા રૂપિયા કમાઈ પાછા આવ્યા. મંદિર પૂરું કર્યું.

શ્રીવલ્લભે નવા મંદિરમાં શ્રીનાથજીને પધરાવ્યા અને સેવા શરૂ કરી.

૨૧. પથ્થરની ગાયે ઘાસ ખાધું

વ્રજમાં બહુલાવન પાસે એક ગામ. નજીકમાં કૃષ્ણકુંડ. તેના કિનારે એક ગાયની પથ્થરની મૂર્તિ. ત્યાંના લોકો રોજ તેની પૂજા કરે. ત્યાંના મુસલમાન અમલદારે આ ગાયની પૂજા બંધ કરાવી. તેણે કહ્યું, 'પથ્થરની ગાય ઘાસ ખાય તો પૂજા કરવા દઉં.' શ્રીવલ્લભ ત્યાં પધાર્યા. તેમણે પથ્થરની બેઠેલી ગાયના પૂંછડા તરફ લીલા ઘાસનો પૂળો મુકાવ્યો. ગાય ઉપર વેદમંત્ર ભણી જળ છાંટ્યું. ગાય ચેતનવંતી થઈ. પાછળ ફરી તેણે ઘાસ ખાધું. આ જોઈ મુસલમાન અમલદાર શ્રીવલ્લભને નમી પડ્યો. ગાયની પૂજા કરવાની તેણે છૂટ આપી.

સૌએ શ્રીવલ્લભનો જય જયકાર કર્યો.

૨૨. શેર ખીરમાં સો સાધુ જમાડ્યા

શ્રીવલ્લભ વ્રજયાત્રા કરતા હતા. એક દિવસ તેમણે શેર દૂધની ખીર બનાવી. પોતાના ઠાકોરજીને ભોગ ધર્યો. એટલામાં ચતુરા નામના એક સંન્યાસી વ્રજયાત્રા કરતા ત્યાં પહોંચ્યા. સાથે તેમના સો ચેલા હતા. ભોજનનો સમય હતો. તેમણે શ્રીવલ્લભને કહ્યું, 'તમે આચાર્ય છો. અમને સૌને ભોજન કરાવો.' શ્રીવલ્લભે ભોગ સરાવી, સૌને પ્રસાદ લેવા બેસાડ્યા. દરેકને ખાખરાના પાનનો પડિયો આપ્યો. તેમાં ખીર પીરસી.

જેમ જેમ ખીર પીરસાતી જાય, તેમ તેમ તે વાસણ ભરાતું જાય. વાસણ ખાલી થાય જ નહિ. બધા સાધુઓએ પેટ ભરીને ખીર ખાધી. સૌને ઓડકાર આવી ગયા તોય શેર ખીરનું વાસણ ખાલી થયું નહિ. શ્રીવલ્લભે કહ્યું, 'ભગવાનના મહાપ્રસાદનો આ પ્રતાપ છે. સાચા દિલથી મહાપ્રસાદ લેવડાવીએ તો તે કદી ખૂટતો નથી. સૌ ધરાઈને ભોજન કરે છે.'

શ્રીવલ્લભે એમ પણ કહ્યું કે 'આપણા આંગણે અચાનક કોઈ મહેમાન આવે તો તેમને પ્રેમથી સારી રીતે ભોજન કરાવવું. ભૂખ્યાંને ભોજન આપવું એ ધર્મ છે. આપણા આંગણેથી ભૂખ્યો માણસ ભોજન કર્યા વિના જાય નહિ તે ખાસ જોવું.'

૨૩. શ્રીવલ્લભ અને શ્રીકૃષ્ણ ચૈતન્યનો મેળાપ

વ્રજમાં માનસીગંગા નામે સ્થાન. ત્યાં શ્રીવલ્લભ અને બંગાળના મહાન કૃષ્ણભક્ત શ્રીકૃષ્ણ ચૈતન્યનો મેળાપ થયો. બંને આનંદથી મળ્યા. ભગવદ્-વાર્તા કરવા બેઠા. શ્રીકૃષ્ણ ચૈતન્યે કહ્યું, 'કલિયુગમાં હજારો દોષો છે. પૂરેપૂરો અધર્મ છે, છતાં તેનામાં એક ઉત્તમ ગુણ છે. આવા સમયમાં પણ જો કોઈ માણસ એક વખત સાચા દિલથી ભગવાનનું નામ લે તો તેનો ઉદ્ધાર થઈ જાય.' આ સાંભળી શ્રીવલ્લભે કહ્યું, 'તમારી વાત સાથે હું સંમત થતો નથી. કલિયુગમાં ભગવાનના નામથી માણસનો ઉદ્ધાર થાય ખરો, પણ ગાયના શિંગડા ઉપર રાઈનો દાણો રહે, એટલી વાર પણ જો આપણે ભગવાનનું નામ ચૂકી જઈએ, તો આ કલિયુગ આપણને ગળી જાય છે.'

શ્રીવલ્લભે સમજાવ્યું કે સૌએ સતત 'શ્રીકૃષ્ણઃ શરમં મમ' મંત્ર રટ્યા કરવો જોઈએ.

એક વખત શ્રીવલ્લભ પ્રયાગ પાસે અડેલમાં બિરાજતા હતા. ત્યાં શ્રીકૃષ્ણ ચૈતન્ય આવ્યા. ફરીથી મેળાપ થયો. શ્રીવલ્લભે તેમનું ઘણા પ્રેમથી સ્વાગત કર્યું. સેવા કરી. તેઓ ત્રણ દિવસના ભૂખ્યા હતા. શ્રીવલ્લભે શ્રીઠાકોરજી માટે બનેલી રસોઈ ભોગ ધર્યા વિના જ તેમને ધરી દીધી. તેઓ ભોજન કરીને ચાલ્યા ગયા. શ્રીવલ્લભે બીજી વખત રસોઈ કરાવી, શ્રીઠાકોરજીને રાજભોગ ધર્યો. શ્રીઠાકોરજીએ આજ્ઞા કરી, 'આજે હું બીજી વખત રાજભોગ આરોગું છું. પહેલાં શ્રીકૃષ્ણ ચૈતન્યના હૃદયમાં બિરાજી, રાજભોગ આરોગ્યો હતો.'

શ્રીવલ્લભે સમજાવ્યું કે આંગણે આવેલા ભક્તોનું સ્વાગત કરો.

૨૪. શ્રીવલ્લભની ગુજરાત-યાત્રા

શ્રીવલ્લભ પુષ્કરરાજ થઈ, આબુ પર્વત ઓળંગી, ગુજરાતમાં પધાર્યા. સિદ્ધપુર થઈ પાટણ પધાર્યા. ત્યાં જૈન આચાર્યો શ્રીવલ્લભ સાથે શાસ્ત્રાર્થ કરવા આવ્યા. શ્રીવલ્લભના સેવકોએ જ તેમની સાથે શાસ્ત્રચર્ચા કરી તેમને હરાવ્યા. આ જોઈ ઘણા જૈનો શ્રીવલ્લભના સેવક થયા. પાટણમાં શ્રીવલ્લભની ભારે ધામધૂમથી નગરયાત્રા નીકળી.

ગુજરાતનો પ્રવાસ પતાવી, આપ સૌરાષ્ટ્ર-કચ્છ થઈ, સિંધમાં પધાર્યા.

૨૫. બાળકો માટે શ્રીવલ્લભનું વહાલ

નાનું એવું એક ગામ. ત્યાં કૃષ્ણદાસ કાયસ્થ નામના એક શિક્ષક. તેઓ બાળકોને ભણાવતાં નિર્દય રીતે મારતા. બાળકો ઉપર તેમને જરાય દયા નહીં. એક દિવસે તેમના મારથી એક બાળક બેભાન થઈ ગયો. કૃષ્ણદાસ ગભરાયા. તે વખતે શ્રીવલ્લભ ત્યાંથી પસાર થતા હતા. તેમને બાળક ઉપર ઘણી દયા આવી. પોતે વેદમંત્ર ભણી, તેના પર જળ છાંટ્યું. તે બાળક સચેતન થયો. શ્રીવલ્લભે કૃષ્ણદાસને કહ્યું, 'ભાઈ, બાળક તો

પ્રભુનો અંશ છે. કોમળ ફૂલ છે. તેના ઉપર હાથ ન ઉપાડાય. બાળકને પ્યાર કરો. મારો નહિ.' કૃષ્ણદાસને પોતાની ભૂલ સમજાઈ. તેઓ શ્રી વલ્લભના સેવક થયા.

શ્રીવલ્લભ ગુજરાત પ્રવાસ દરમિયાન ધંધુકા પાસે આવેલ તગડી ગામે પધાર્યા. ત્યાં તળાવ ઉપર મુકામ કર્યો. બાજુમાં જ એક બ્રાહ્મણનું ઘર. સવારના પહોરમાં બ્રાહ્મણે ઘરમાંથી બહાર આવી, શ્રીવલ્લભને કહ્યું, 'મહારાજ, જુઓ રામ-કૃષ્ણ માખણ આરોગે છે.' શ્રીવલ્લભે ઘરમાં નજર કરી. બ્રાહ્મણનાં બે બાળકો માતાની ગેરહાજરીમાં મસ્તીથી માખણ ખાતાં હતાં. બ્રાહ્મણે કહ્યું, 'તેમની મા પાણી ભરીને હમણાં આવશે. આ બે બાળકોને ધીબી નાખશે.' શ્રીવલ્લભે કહ્યું, 'તમે ચિંતા કરશો નહિ. પ્રભુ સૌને બુદ્ધિ આપે છે.'

પાણી ભરીને બ્રાહ્મણી ઘેર આવી. બાળકોને જોતાં જ તેને પણ મનમાં એવો જ ભાવ જાગ્યો કે રામ-કૃષ્ણ માખણ ખાય છે. શ્રીમહાપ્રભુજીએ સમજાવ્યું, 'બાળકોમાં પ્રભુ બિરાજે છે. બાળકોને ખૂબ વહાલ કરો. એમને કદી મારશો નહિ. કદી લડશો નહિ. બાળકોને સુંદર ભોજન કરાવો.'

શ્રીવલ્લભ સિંધ પધાર્યા. ત્યાં નગરઠઠ્ઠા નામનું ગામ. ગામમાં એક લુહાણા કુટુંબ રહે. તેમનો નાનો દીકરો ભારે રોગથી પીડાય. આખું શરીર પાકી ગયું હતું. બચવાની આશા ન હતી. તેનું નામ નારાયણ, પણ સૌ નરિયો કહેતાં. શ્રીવલ્લભને તેની અસહ્ય પીડા જોઈ ઘણી દયા આવી. તેમણે એના મસ્તકે હાથ મૂક્યો. તે સાથે જ નરિયાનું શરીર એકદમ સાજું થઈ ગયું. બધો રોગ ચાલ્યો ગયો.

શ્રીવલ્લભે તેને નારાયણદાસ કહીને બોલાવ્યો, તેને શરણે લઈ, સેવક કર્યા.



ઉપર : શ્રીવિઠ્ઠલનાથજી શ્રીવલ્લભને લગ્ન કરવા માટે આજ્ઞા કરે છે.
નીચે : શ્રીવલ્લભનાં લગ્ન શ્રીમહાલક્ષ્મીજી સાથે થઈ રહ્યાં છે.

કિશોર નંદલાલ પરીખ, ભરુચ (પાટણ) પરિવારના જયશ્રીકૃષ્ણ.

૨૬. શ્રીભાગવત શ્રીનાથજીનું સ્વરૂપ છે

એક વખત શ્રીમહાપ્રભુજી કનોજ પધાર્યા. ત્યાં પદ્મનાભદાસ નામના એક પ્રસિદ્ધ કથાકાર રહે. તેઓ શ્રીભાગવતની કથા કહેતા હતા. શ્રીવલ્લભ ઘડીભર ત્યાં ઊભા રહ્યા. તેમનું તેજ જોઈ પદ્મનાભદાસ તેમના સેવક થયા. શ્રીવલ્લભે આજ્ઞા કરી, 'પદ્મનાભદાસ, જગતમાં ભગવાન બે સ્વરૂપે બિરાજે છે : રૂપ અને નામ. આપણે ભગવાનના સ્વરૂપને વેચીને વેપાર કરતા નથી. સેવાનો વેપાર કરી પેટ ભરતા નથી. તેમ ભગવાનનું નામ પણ ભગવાનનું સ્વરૂપ છે. એ નામમાં ભગવાન પોતે બિરાજે છે. તેથી જેમ ભગવાનના સ્વરૂપને વેચવું એ પાપ છે, તેમ ભગવાનના નામનો વેપાર કરવો તે પણ પાપ છે. તેમાંય શ્રી ભાગવત તો શ્રીનાથજીનું સાક્ષાત્ નામ-સ્વરૂપ છે. માટે આજ પછી તમારી આજીવિકા માટે કદી ભાગવતની કથા કરશો નહિ. પેટ ભરવા બીજી કોઈ પણ પ્રવૃત્તિ કરજો.'

પદ્મનાભદાસે તરત જ વચન આપ્યું કે આજ પછી હું ભગવાનની કોઈ પણ કથા કહીને પેટ ભરીશ નહિ.

૨૭. શ્રીવલ્લભનું લગ્ન

શ્રીવલ્લભની બીજી ભારતયાત્રા પાંચ વર્ષમાં પૂરી થઈ. બે યાત્રામાં કુલ ૧૪ વર્ષ વીત્યાં. શ્રીવલ્લભ લગભગ ૨૫ વર્ષની વયના હતા. તેઓ બીજી યાત્રા પૂરી કરી, કાશી પધાર્યા. તેમનાં માતા સાથે ત્યાં નિવાસ કર્યો. તેમની જ્ઞાતિના દેવમ્ ભટ્ટ શ્રીવલ્લભ પાસે આવ્યા. તેમણે કહ્યું, 'પંઢરપુરના શ્રી વિઠ્ઠલનાથજીએ સ્વપ્નમાં મને આજ્ઞા કરી છે, તમારી કન્યા મહાલક્ષ્મીના વિવાહ શ્રીવલ્લભ સાથે કરજો. તેથી હું આપની પાસે આવ્યો છું.'

શ્રીવલ્લભે માતાની આજ્ઞા લઈ, લગ્ન માટે સંમતિ આપી. વતનમાંથી સૌને બોલાવ્યા. અષાઢ સુદ પાંચમના દિવસે ભારે ધામધૂમથી

શ્રીવલ્લભનાં લગ્ન શ્રીમહાલક્ષ્મીજી સાથે થયાં. લગ્ન પછી થોડો સમય કાશીમાં રોકાઈ, શ્રીવલ્લભ ત્રીજી ભારતયાત્રા કરવા પધાર્યા.

૨૮. કૃષ્ણદાસના બે પ્રશ્નો

એક દિવસ કૃષ્ણદાસ મેઘને શ્રીવલ્લભને બે પ્રશ્ન કર્યા: '(૧) મહારાજ, શ્રીઠાકોરજીને સૌથી વધારે પ્રિય શું છે? અને (૨) શ્રીઠાકોરજીને સૌથી વધારે અપ્રિય શું છે?'

શ્રીવલ્લભે જવાબ આપ્યો : 'શ્રીઠાકોરજીને બે વસ્તુ સૌથી વધુ પ્રિય છે: એક માખણ ને બીજું માખણ જેવો મીઠો ભક્તનો પ્રેમ.'

બીજા પ્રશ્નના જવાબમાં આપે આજ્ઞા કરી : 'શ્રીઠાકોરજીને બે વસ્તુ સૌથી વધુ અપ્રિય છે : લાકડાનો ધુમાડો અને આપણો ક્લેશ.'

શ્રીવલ્લભે સમજાવ્યું: 'વૈષ્ણવે કદી પણ ક્લેશ ન કરવો. ક્લેશ કરવાથી હૃદયમાં બિરાજતા પ્રભુને અપ્રસન્નતા થાય છે. વૈષ્ણવે સદા શ્રીઠાકોરજી ઉપર ઘણો પ્રેમ રાખી, તેમની સેવા કરવી.'

૨૯. શ્રીવલ્લભનો અડેલવાસ

શ્રીવલ્લભે ત્રીજી ભારતયાત્રા ચાર વર્ષમાં પૂરી કરી. ત્રણ યાત્રામાં કુલ ૧૮ વર્ષ લાગ્યાં. આપનું વય હવે લગભગ ત્રીસ વર્ષનું હતું. આપે નક્કી કર્યું કે હવે કુટુંબ સાથે કોઈ એકાંત જગ્યામાં સ્થિરવાસ કરીને રહેવું. કારણ કે કાશીમાં રોજરોજ ઘણા વિદ્વાનો શાસ્ત્રચર્ચા માટે આવતા. આથી શ્રીઠાકોરજીની સેવામાં પૂરતો સમય મળતો નહીં. શ્રીવલ્લભને શ્રીભાગવત પર સુંદર ટીકા પણ લખવી હતી. તે માટે એકાંત અને શાંતિ જરૂરી હતાં.

કાશીમાં વિદ્વાનો સાથે અલગ અલગ ચર્ચા કરવામાં સમય બગડતો. આથી શ્રીવલ્લભે પોતાનો મત સમજાવતો એક લાંબો પત્ર લખ્યો. તેનું નામ 'પત્રાવલંબન'. તેમણે એક સેવકને આજ્ઞા કરી, 'કાશીવિશ્વનાથ મહાદેવના દ્વારે આ પત્ર લગાવી દો. સૌ વિદ્વાનોને સૂચના આપો કે પહેલાં આ પત્ર વાંચે. પછી જ મારી પાસે આવે.'

તે પત્ર વાંચી સૌ વિદ્વાનો શ્રીવલ્લભ પાસે આવવાની હિંમત કરી શક્યા નહિ. આમ, શ્રીવલ્લભે માયાવાદનું ખંડન કર્યું. તેમણે 'શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદ'નો સિદ્ધાંત સ્થાપિત કર્યો.

ત્યાર પછી શ્રીવલ્લભ પ્રયાગથી નજીક શ્રીયમુનાજીના કિનારે આવેલ અડેલ ગામે પધાર્યા. તે નાનકડા ગામમાં પર્ણકુટિ બનાવી બિરાજ્યા. ત્યાં આપ ગ્રંથ લેખનનું કાર્ય કરતા. આપે ઘણા ગ્રંથો લખ્યા. તેમાં અણુભાષ્ય, તત્ત્વાર્થદીપ-નિબંધ, શ્રીસુબોધિની, ષોડશગ્રંથો વગેરે મુખ્ય છે. ગ્રંથ લેખનમાં માધવ ભટ્ટ કાશ્મીરી નામના વૈષ્ણવ મદદ કરતા. શ્રીવલ્લભ જે ઝડપે બોલે, તે ઝડપે માધવ ભટ્ટ તે ગ્રંથ લખી લેતા. આમ, શ્રી વલ્લભનું ઘણું ગ્રંથ-સાહિત્ય તૈયાર થયું.

શ્રીવલ્લભે આ બધા ગ્રંથોમાં બે મુખ્ય વાતો સમજાવી : (૧) શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદ અને (૨) પુષ્ટિમાર્ગ. શ્રીવલ્લભે બતાવ્યું કે પરમાત્મા સત્ય છે. તેમની પહેલાં બીજું કંઈ હતું નહિ. જગતનો નાશ થયા પછી પણ પરમાત્મા રહેશે. તેથી પરમાત્મા સનાતન છે.

તેમણે બીજી વાત બતાવી: બધા જીવો પરમાત્માના અંશ છે. પરમાત્મામાંથી છૂટા પડેલા છે. જીવ પરમાત્માના દાસ છે. પરમાત્મા જીવના સ્વામી છે. માટે દરેક જીવે પરમાત્માની સેવા કરવી જોઈએ.

તેમણે ત્રીજી વાત કહી : પરમાત્માએ પોતાના આનંદ અને ક્રીડા માટે પોતાનામાંથી આ જગત બનાવ્યું છે. તેથી પરમાત્મા સત્ય છે, તેમ તેમનું

બનાવેલું જગત પણ સત્ય છે. જગતના કણેકણમાં પરમાત્મા જ રહેલા છે.

તેમણે ચોથી વાત સમજાવી : દુનિયામાં આપણું પોતાનું કશું નથી. બધું જ પરમાત્માનું છે. પરમાત્માની ઈચ્છાથી જ બધું બને છે. માટે આપણે આપણી શક્તિનું અભિમાન ન કરવું. આ વસ્તુ મારી છે, એવો મોહ ન રાખવો. અભિમાન અને મોહ મિથ્યા છે.

તેમણે બીજી એક વાત કહીઃ ભગવાન પ્રેમસ્વરૂપ છે. જે ભગવાનને પ્રેમ કરે, તેને ભગવાન પ્રેમ કરે છે. ભગવાન માત્ર પ્રેમથી મળે છે. ભગવાનને પ્રેમ કરનાર ઉપર ભગવાન કૃપા કરે છે. ભગવાનની કૃપાનો માર્ગ એટલે પુષ્ટિમાર્ગ. પુષ્ટિમાર્ગમાં દરેક વૈષ્ણવે બ્રહ્મસંબંધ લઈ, શ્રીઠાકોરજીનાં સેવા-સ્મરણ કરવાં જોઈએ. એ સિવાય વૈષ્ણવે બીજું કંઈ કરવાની જરૂર નથી.

૩૦. શ્રી ગોપીનાથજીનું પ્રાગટ્ય

વિ.સં. ૧૫૬૭ના ભાદરવા વદ બારસનો શુભ દિન. શ્રીવલ્લભના ત્યાં પ્રથમ પુત્રનું પ્રાગટ્ય થયું. ત્યારે શ્રીવલ્લભની વય બત્રીસ વર્ષની હતી. પુત્રનું નામ શ્રીગોપીનાથજી રાખવામાં આવ્યું. શ્રી ગોપીનાથજી બાળપણથી જ બહુ શાંત, સંયમી ને વિદ્વાન હતા. રોજ શ્રીભાગવતનો પાઠ કરી, ભોજન કરતા.

૩૧. બીજા પુત્ર શ્રીવિઠ્ઠલનાથજીનું પ્રાગટ્ય

લગભગ ચાર વર્ષ પછી શ્રીવલ્લભ કાશી પાસે આવેલા ચરણાટ નામના વનમાં થોડા દિવસ કુટુંબ સાથે રહેવા ગયા. ત્યાં સંવત ૧૫૭૨ના માગસર વદ નોમના દિવસે બીજા પુત્ર શ્રીવિઠ્ઠલનાથજીનું પ્રાગટ્ય થયું. તે જ વખતે કાશીથી એક બ્રાહ્મણ ત્યાં આવ્યો. તેણે શ્રીવલ્લભને



સંવત ૧૫૬૭માં શ્રીવલ્લભને ઘેર
પ્રથમ પુત્ર શ્રીગોપીનાથજીનું પ્રાગટ્ય થયું.

રમેશ જી. ભાટીયા (બેંગ્લોર)ના જયશ્રીકૃષ્ણ.



શ્રીવલ્લભને ઘેર દ્વિતીય પુત્ર શ્રીવિઠ્ઠલનાથજીનું પ્રાગટ્ય.



શ્રીમહાપ્રભુજીની ગોદમાં ખેલતા શ્રીવિઠ્ઠલનાથજી અને
નાના ભાઈને ખેલાવી રહેવા શ્રીગોપીનાથજી.

શ્રીવિઠ્ઠલનાથજી પ્રભુનું એક સ્વરૂપ ભેટ આપ્યું. તેમનાં દર્શન કરી, શ્રીવલ્લભે કહ્યું, 'આજે શ્રીવિઠ્ઠલનાથજી પ્રભુ ભગવાન અને ભક્ત બંને સ્વરૂપે મારા ત્યાં પધાર્યા છે.'

તેમના બીજા પુત્રશ્રી વિઠ્ઠલનાથજી પુષ્ટિમાર્ગમાં શ્રીગુસાંઈજીના નામે પ્રસિદ્ધ થયા.

૩૨. શ્રીવલ્લભની કૃપાદષ્ટિ

શ્રીવલ્લભ અડેલમાં બિરાજે. પડોશમાં તેમની જ્ઞાતિનાં એક વૃદ્ધ માજી રહે. તેમનો સ્વભાવ ઈર્ષાળુ. બધા વૈષ્ણવો દરરોજ શ્રીવલ્લભને દંડવત્ કરે, તેમની સેવા કરે, એની ઈર્ષા પેલાં માજીને થાય. પણ બોલી શકે નહિ. તે માજી શ્રીવલ્લભના સેવકોને પજવવા લાગ્યાં. સેવકો જળ ભરવા જાય, ત્યારે તેમના ઉપર ગંદી વસ્તુ કે કપડું નાખે. સેવકને ફરી સ્નાન કરવું પડે. સેવકોએ શ્રીવલ્લભને ફરિયાદ કરી. આપે આજ્ઞા કરી, 'માજી જે કંઈ નાખે, તે સાફ કરી મારી પાસે લઈ આવજો.'

એક દિવસ દેવા કપૂર નામના સેવક એક કપડાનો ટુકડો લઈ આવ્યા. શ્રીવલ્લભે આજ્ઞા કરી, 'સગડી સળગાવવામાં આ ટુકડાનો ઉપયોગ કરો. એમનું કપડું શ્રીઠાકોરજીની સેવામાં વપરાશે એટલે એમનું હૃદય શુદ્ધ થશે.' તેમ કરતાં તે માજીની બુદ્ધિ સુધરી. તેમને તેમની હરકતોનો ઘણો પસ્તાવો થયો. શ્રીવલ્લભ હમેશાં સૌને શીખવતા કે માણસ દુષ્ટ નથી, એની બુદ્ધિ દુષ્ટ છે. અપકાર કરનાર ઉપર ઉપકાર કરો. પાપીને ક્ષમા કરો. તે જરૂર સુધરશે.

૩૩. અલૌકિક અગ્નિસ્વરૂપ

એક દિવસ શ્રીવલ્લભ પોતાની પર્ણકુટિ પાસે વૃક્ષની છાયામાં બિરાજ્યા હતા. સામે કેટલાક સેવકો બેઠા હતા. તેમના મુખ સામે જોઈ

દામોદરદાસજીએ વિનંતી કરી : 'આપને દેહની પીડા જણાય છે. આજ્ઞા કરો તો દવા લાવી દઉં.'

'દમલા, આજે પેટમાં પીડા થાય છે.'

દમલાજી દવા લઈ આવ્યા. શિયાળાના દિવસો હતા. પાસે સગડી સળગતી હતી. આપે તે દવા અગ્નિમાં નાખી દીધી. સૌને નવાઈ લાગી. થોડી જ ક્ષણમાં શ્રીવલ્લભના મુખ ઉપરથી પીડા અદશ્ય થઈ. તેઓ મંદ મંદ સ્મિત કરવા લાગ્યા. દામોદરદાસજી તેમનું અલૌકિક અગ્નિસ્વરૂપ સમજી ગયા.

૩૪. ભગવદ્-વાર્તા કરવાનો સતત ઉત્સાહ

શ્રીવલ્લભને ભગવાનની લીલાઓની વાર્તા કરવામાં ઘણો આનંદ આવતો. તેનો ઘણો ઉત્સાહ રહેતો. તેઓ દરરોજ બપોરે અને સાંજે વૈષ્ણવો પાસે ભગવદ્-વાર્તા કરતા. યાત્રા દરમિયાન પણ ચાલતાં ચાલતાં દામોદરદાસ સાથે ભગવદ્-વાર્તા કરે. ક્યારેક ભગવદ્-વાર્તા વિના થોડો સમય વીતી જાય. તો દામોદરદાસને તરત જ કહેતા, 'દમલા, ભગવદ્-વાર્તા કર્યે ઘણો સમય થઈ ગયો, નહિ? ચાલ, ફરી ભગવદ્ વાર્તા કરીએ.'

૩૫. નિત્યલીલામાં પધારવા ભગવદાજ્ઞા

શ્રીવલ્લભે એક વાર વ્રજયાત્રા દરમિયાન મધુવનમાં બિરાજતા હતા. શ્રીભાગવત પરનાં શ્રીસુબોધિનીજી માધવ ભટ્ટ પાસે લખાવતા હતા. ત્રણ સ્કંધ પૂરા થયા હતા. ચોથો સ્કંધ શરૂ કરવાનો હતો. ત્યાં શ્રીબાલકૃષ્ણલાલ તેમની સમક્ષ પધાર્યા. એમની ગોદમાં બિરાજી આજ્ઞા કરી: 'વલ્લભ, મને મારી લીલા સાંભળવાની ઘણી ઈચ્છા થઈ છે. એટલે બીજા સ્કંધ બાકી રાખી, તમે દશમા સ્કંધની શરૂઆત કરો. મારે તે

સાંભળવો છે. હવે તમારા વિના મને નિત્યલીલામાં ગમતું નથી. તમારું કાર્ય પૂરું થવા આવ્યું છે. તમે જલદી નિત્યલીલામાં પાછા પધારો.'

શ્રીવલ્લભે શ્રીઠાકોરજીની આજ્ઞા માની, દશમ સ્કંધનાં સુબોધિનીજી લખાવવાની શરૂઆત કરી.

યાત્રા કરતાં કરતાં તેઓ બંગાળમાં ગંગાસાગર સંગમે પધાર્યા. ત્યાં દશમ સ્કંધનાં સુબોધિનીજીનું કામ પૂરું થયું. અગિયારમો સ્કંધ શરૂ કરવાનો વિચાર કરતા હતા. ત્યાં ફરીથી શ્રીઠાકોરજીએ સાક્ષાત્ દર્શન આપી આજ્ઞા કરી : 'વલ્લભ, બસ. આટલું પૂરતું છે. હવે વિશેષ લખવાની જરૂર નથી. અત્યારના જીવો માટે આનાથી વધારે કંઈ કરવાની જરૂર નથી. તમે મારી ત્રણે આજ્ઞાઓ પૂરી કરી છે : (૧) પુષ્ટિજીવોનો ઉદ્ધાર કર્યો છે. (૨) માયાવાદનું ખંડન કરી, પુષ્ટિમાર્ગનું સ્થાપન કર્યું છે. (૩) શ્રીભાગવતનું ગૂઢ રહસ્ય જરૂર પૂરતું પ્રગટ કર્યું છે. હવે નિત્યલીલામાં પાછા ફરો.'

શ્રીવલ્લભ વિચારવા લાગ્યા : અગિયારમો અને બારમો સ્કંધ તો પૂરો કરી લઉં. અડેલમાં સ્થિર થયા પછી તેમણે અગિયારમાં સ્કંધનાં સુબોધિનીજી લખાવવાનું શરૂ કર્યું. ત્યાં માધવ ભટ્ટ કાશ્મીરીનો ગોલોકવાસ થયો. લેખનકાર્ય અધૂરું રહ્યું. શ્રીઠાકોરજીએ અડેલમાં ત્રીજી વખત આજ્ઞા કરી : 'હવે એક ક્ષણનો પણ વિલંબ ન કરો.' નિત્યલીલામાં પાછા પધારો.

ત્યારે શ્રીવલ્લભની વય બાવન વર્ષની હતી. સંવત ૧૫૭૨નો વૈશાખ માસ હતો. આપે પોતાના મનને ઠપકો આપતો એક ગ્રંથ રચ્યો. તેનું નામ 'અંતઃકરણ-પ્રબોધ'. આપે મનને સંબોધીને કહ્યું, 'મારી વાત ધ્યાનથી સાંભળ. તે ત્રણ ત્રણ ભગવદાજ્ઞાઓ ન પાળવાનો દોષ કર્યો છે. હવે તું ભગવદ્-આજ્ઞાનું પાલન કર. કૃષ્ણ સ્વામી છે, તું દાસ છે એ વાત યાદ રાખ.'

૩૬. શ્રીવલ્લભનો સંન્યાસ

શ્રીવલ્લભે વર્ણાશ્રમ ધર્મની પરંપરા પ્રમાણે સંન્યાસ લેવાનો નિર્ણય કર્યો. સંન્યાસ માટે પત્નીની મંજૂરી લેવી જરૂરી હોય છે. તેમણે શ્રીમહાલક્ષ્મીજી પાસે મંજૂરી માગી. ઘણું સમજાવ્યાં, પણ મંજૂરી મળી નહિ. તેમણે એક ચમત્કાર કર્યો. પોતે અગ્નિસ્વરૂપ હતા. સ્વેચ્છાએ અગ્નિ પ્રગટાવી પર્ણકુટિને આગ લગાડી. શ્રીમહાલક્ષ્મીજી ગભરાઈને બોલ્યાં : 'ભાગો ભાગો.' શ્રીવલ્લભે આ શબ્દોને તેમની મંજૂરી માની, અડેલ છોડી કાશી જવાનું ગોઠવી લીધું.

તેઓ કાશી પધાર્યા. ત્યાં ગંગા-કિનારે હનુમાનઘાટ ઉપર સંન્યાસ લઈને બિરાજ્યા.

સંન્યાસી તરીકે તેમણે પૂર્ણાનંદ નામ ધારણ કર્યું. આપ ત્યાં ૪૧ દિવસ બિરાજ્યા. છેલ્લા સાત દિવસ બાકી રહ્યા ત્યારે મૌન ધારણ કર્યું. વિ.સં. ૧૫૮૭ના અષાઢ સુદ બીજના દિવસે મધ્યાહ્ન કાળે શ્રીવલ્લભે નિત્યલીલામાં પધારવાનું નક્કી કર્યું.

તે દિવસે સવારે તેમના બંને પુત્ર શ્રી ગોપીનાથજી અને શ્રીવિઠ્ઠલનાથજી કેટલાક વૈષ્ણવોને સાથે લઈને દર્શન કરવા પધાર્યા. શ્રીગોપીનાથજીની ઉંમર ૧૯ વર્ષની હતી. શ્રીગુસાંઈજી ૧૫ વર્ષના હતા. બંનેએ પિતાને વિનંતી કરી : 'અમને છેલ્લો ઉપદેશ આપો. હવે અમારે શું કરવું તે અમને કહો.'

શ્રીવલ્લભ પાસે પુત્રોને વારસામાં આપવા માટે પૈસા કે બીજી સંપત્તિ ન હતી. માત્ર સિદ્ધાંતોની અલૌકિક સંપત્તિ હતી. પુષ્ટિમાર્ગના બધા

સિદ્ધાંતોનો સાર શ્રીવલ્લભે અંતિમ ક્ષણોમાં સાડા ત્રણ શ્લોકમાં કહ્યો. એમને મૌન હોવાથી નદી-કિનારાની રેતીમાં આંગળીથી તે શ્લોકો લખ્યા. તેને 'શિક્ષાશ્લોકી' કહેવામાં આવે છે. તેમાં શ્રીવલ્લભે આજ્ઞા કરી કે 'તમે સૌ હમેશાં શ્રીકૃષ્ણપ્રભુના બનીને રહેજો. તેમના માટે કશા સ્વાર્થ વિના પૂરો પ્રેમ રાખજો. સદાકાળ તેમનાં સેવા-સ્મરણ કરજો. તેમને તમારું સર્વસ્વ માનજો. જો તમે તેમને છોડી દેશો, તો તમે સંસાર સાગરમાં ડૂબી જશો. તમારું ઘણું અહિત થશે. તેમની સેવા કરશો તો તેઓ તમને સર્વ સુખ આપશે.'

સૌના આશ્ચર્ય વચ્ચે તે જ સમયે ત્યાં શ્રી ગોવર્ધનનાથજી પ્રગટ થયા. તેમણે આજ્ઞા કરી, 'શ્રીવલ્લભની વાત તદ્દન સાચી છે. તમે જો મારામાં દૃઢ વિશ્વાસ રાખશો, તો તમારે કોઈ ચિંતા કરવાની જરૂર નથી. તમારે કોઈ પણ પ્રકારનો શોક કરવાની જરૂર નથી.'

મધ્યાહ્ન કાળ થયો. શ્રીવલ્લભ ગંગાજીની મધ્ય ધારામાં પધાર્યા. કેડ સુધીના જળમાં ઊભા રહ્યા. બંને નેત્રો મીંચી શ્રીઠાકોરજીનું ધ્યાન ધર્યું. સૌના આશ્ચર્ય વચ્ચે આકાશમાંથી આંખોને આંજી નાખે એવા તેજનો જાણે એક મોટો થાંભલો નીચે ઉતરી આવ્યો. તે શ્રી વલ્લભની ચારે બાજુ છવાઈ ગયો. બે-ચાર ક્ષણમાં તેજ અદૃશ્ય થઈ ગયું. સાથે શ્રીવલ્લભ પણ સદેહે નિત્યલીલામાં પધારી ગયા. આકાશમાંથી પુષ્પવૃષ્ટિ થઈ. દેવોનાં નગારાં વાગ્યાં. શ્રીવલ્લભ સ્વધામ પાછા પધાર્યા.

આમ, શ્રીવલ્લભ પૃથ્વી ઉપર બાવન વર્ષ બિરાજ્યા.

૩૭. શ્રીવલ્લભ આજે પણ બિરાજે છે

કાશીમાં શ્રીવલ્લભ સ્વધામમાં પધાર્યા. આ દૃશ્ય નજરોનજર જોઈ દુ:ખી થયેલા એક વૈષ્ણવ થોડા મહિના પછી બિહાર ગયા. પટણા પાસે આવેલ હાજીપુરા ગામે પહોંચ્યા. ત્યાં શ્રીમહાપ્રભુજીના સેવક ભગવાનદાસ રહેતા હતા. તેમણે ભગવાનદાસને બધી વાત કહી. વાત કહેતાં કહેતાં તે રડી પડ્યા. ભગવાનદાસે કહ્યું : 'વૈષ્ણવ, શ્રીવલ્લભ અલૌકિક સ્વરૂપે દરેક વૈષ્ણવનાં ઘરમાં આજે બિરાજે છે અને હમેશાં બિરાજશે. તમારે ઉદાસ થવાની જરૂર નથી. તમે થોડી વાર ધીરજ રાખો. હમણાં ઉત્થાપન થશે. તમે તમારી આંખે જ તેમનાં દર્શન કરજો.' ઉત્થાપનનાં દર્શન થતા ભગવાનદાસની કૃપાથી તે વૈષ્ણવને શ્રીમહાપ્રભુજીનાં સાક્ષાત્ અલૌકિક દર્શન થયાં.

કામવનમાં મધુસૂદનદાસ નામના એક વૈષ્ણવ. તેઓ કૃષ્ણકુંડ ઉપર શ્રીવલ્લભની બેઠકે સેવાસ્મરણ કરતા. રાતદિવસ શ્રીસર્વોત્તમસ્તોત્રનો પાઠ કરતા. છ મહિના સુધી આવી રીતે પાઠ કર્યો. શ્રીવલ્લભ તેમના ઉપર પ્રસન્ન થયા. દરરોજ તેમને દર્શન આપતા.

કાશીમાં શ્રીવલ્લભના કૃપાપાત્ર સેવક શેઠ પુરુષોત્તમદાસ હતા. જ્યારે શ્રીવલ્લભ સ્વધામ પધાર્યા, ત્યારે તેઓ ગંગાકાંઠે ગયા નહોતા, કારણ કે તેમને તેમના ઘરમાં જ શ્રીવલ્લભનાં અલૌકિક દર્શન થતાં હતાં. તેઓ શ્રીવલ્લભના અલૌકિક સ્વરૂપની સેવામાં લાગેલા હતા.

શ્રીદામોદરદાસ હરસાનીજીને પણ શ્રીવલ્લભ દર ત્રીજા દિવસે પોતાનાં સાક્ષાત્ દર્શન આપતા. આજે પણ અનેક કૃપાપાત્ર વૈષ્ણવોને શ્રીવલ્લભ સાક્ષાત્ દર્શન કરાવે છે. આમ, શ્રીવલ્લભ વૈષ્ણવોના હૃદયમાં સદા બિરાજમાન છે.

૩૮. શ્રીવલ્લભનાં બેઠકજી

ભારતની યાત્રા દરમિયાન શ્રીવલ્લભ ઘણાં તીર્થસ્થળોમાં બિરાજ્યા હતા. કેટલેક ઠેકાણે તેમણે વેદનું પારાયણ કર્યું. એક-બે ઠેકાણે વાલ્મીકિ

રામાયણનું પારાયણ પણ કર્યું. ક્યાંક ગીતાનું પારાયણ કર્યું. પણ સૌથી વધુ તેમણે શ્રીભાગવતનું પારાયણ કર્યું. આ બધાં સ્થાનોએ શ્રીવલ્લભ તેમના અલૌકિક સ્વરૂપે સાક્ષાત્ બિરાજે છે. તેથી ત્યાં તેમનાં બેઠકજી પ્રગટ થયાં છે.

બેઠક એટલે બિરાજવાનું સ્થળ. આ દરેક સ્થળે શ્રીવલ્લભે પોતાનો અલૌકિક પ્રતાપ બતાવ્યો છે. બેઠકજીની કુલ સંખ્યા ૮૪ની માનવામાં આવે છે. હિમાલયથી રામેશ્વર અને જગન્નાથપુરીથી દ્વારિકા સુધી આ બેઠકો આવેલી છે. સૌથી વધારે વ્રજમાં અને ગુજરાતમાં છે.

૩૯. શ્રીવલ્લભના સેવકો

શ્રીવલ્લભના સેવકો અનેક હતા. તેઓ જ્યાં જ્યાં પધાર્યા ત્યાં ત્યાં ઘણા માણસો તેમના કુટુંબ સાથે શરણે આવ્યા હતા. તેમાં રાજાઓ, દીવાનો, નગરશેઠો, વિદ્વાનો અને ખેડૂતો પણ હતા. કેટલીક હલકી ગણાતી જાતિઓના લોકો પણ શ્રીવલ્લભના સેવક થયા હતા. તેમના સેવકોની સંખ્યા હજારોની હતી. તેમાંથી ચોર્યાસી વૈષ્ણવોને પસંદ કરી, તેમની વાર્તા કહેવામાં અને લખવામાં આવી છે. તે ચોર્યાસી વૈષ્ણવની વાર્તાઓ તરીકે પ્રસિદ્ધ છે.

૪૦. શ્રીવલ્લભના ગ્રંથો

કહેવાય છે કે શ્રીવલ્લભના ગ્રંથોની મૂળ સંખ્યા ૮૪ની હતી. જોકે આજે તે બધા ગ્રંથો મળતા નથી. આજે માત્ર ત્રીસેક જેટલા ગ્રંથો મળે છે. તેમના ગ્રંથોમાં મુખ્ય અણુભાષ્ય, પૂર્વમીમાંસા-ભાષ્ય, ગાયત્રી-ભાષ્ય, તત્ત્વાર્થ-દીપ-નિબંધ, ષોડશ ગ્રંથો, શિક્ષાશ્લોકી, પંચશ્લોકી, મધુરાષ્ટક વગેરે છે. આ બધા ગ્રંથો સંસ્કૃત ભાષામાં છે. તે સૂત્રાત્મક શૈલીમાં લખાયેલા છે, તેથી સમજવા અઘરા છે. તે સમજાવવા માટે આ ગ્રંથો ઉપર

સંસ્કૃતમાં ઘણી ટીકાઓ પણ લખાઈ છે. આજે આ બધા ગ્રંથોના ગુજરાતીમાં અનુવાદ થયેલા છે. તમે મોટા થાઓ ત્યારે જરૂર વાંચજો.

૪૧. હિન્દુધર્મમાં શ્રીવલ્લભનું યોગદાન

શ્રીવલ્લભે મુસલમાનોના અત્યાચારોથી હતાશ બનેલા, ગભરાયેલા અને દુઃખી રહેતા હિન્દુઓને નવચેતન આપ્યું. તેમનો ભય દૂર કર્યો. તેમને હિંમતથી જીવવાની શ્રદ્ધા આપી. પુષ્ટિમાર્ગ પ્રગટ કરી, હિન્દુ ધર્મને સુંદર અને કલાત્મક રૂપ આપ્યું. આનંદ સાથે ધર્મપાલન કરવા સેવાની રીત બતાવી. તેમણે જગતને સમજાવ્યું કે જગત મિથ્યા નથી. જગતથી દૂર ભાગવાની જરૂર નથી. જગત પ્રભુની કૃતિ છે. જગતમાં પ્રભુની સુંદરતા રહેલી છે. તેને માણો અને તેમાં રહેલી સુંદરતા અનુભવો.

તેમણે પ્રજાને એમ પણ શીખવ્યું કે ઊંચ-નીચના ખ્યાલ છોડી દો. સૌ ભગવાનના એક સરખા અંશ છે. દરેકને ભગવાનની ભક્તિ કરવાનો એકસરખો અધિકાર છે. ભક્તિ કરવા મંદિરોમાં દોડાદોડ કરવાની જરૂર નથી. ભગવાનને તમારા પુત્ર કે મિત્ર માનો. તમારા ઘરમાં પ્રેમથી એમની સેવા કરો. રાતદિવસ એમનું સ્મરણ કરો. હાથથી કામ કરો, મુખથી નામ જપો. દુનિયામાં પ્રાણીમાત્ર માટે આદર ભાવ રાખો. સૌ ઉપર દયા રાખો. કોઈની હિંસા કરશો નહિ.

વૃક્ષમાં પણ ભગવાન વસે છે. માટે વૃક્ષને વૈષ્ણવ માનો. વૃક્ષોને કાપશો નહિ. વૃક્ષોની સેવા કરો. ગાયોની સેવા કરો. વૈષ્ણવોની સેવા કરો. કોઈને કડવા શબ્દો કહેશો નહિ. કોઈ કડવા શબ્દ કહે તો સહન કરતાં શીખજો. દુનિયામાં જે કંઈ બને છે તે ભગવાનની ઈચ્છાથી જ બને છે. કોઈ માણસ કંઈ કરી શકતો નથી. જે કંઈ બને તેમાં ભગવાનની ઈચ્છાનો સ્વીકાર કરો. તેને માથે ચઢાવો. આપણાથી સારું કાર્ય થાય તેનું અભિમાન ન કરો. કદી



ખોટું કામ કરશો નહિ. પૈસાનું, વિદ્યાનું, રૂપનું કે સત્તાનું કદી અભિમાન ન કરશો. બીજાને કદી દુઃખ ન આપશો. બીજાને પ્રસાદ લેવડાવ્યા પછી જ તમે ભોજન કરજો. સાદું અને સંયમી જીવન જીવજો. મોજશોખમાં જિંદગી વેડફી દેશો નહિ. જિંદગીમાં દુઃખો આવવાનાં જ છે. તે બધાં સહન કરતાં શીખો. ભગવાન પાસે પણ કશું માગશો નહિ. કદી ભિખારી ન બનશો. સ્વમાનથી જીવજો. પરસેવાની કમાણીથી જીવજો. છળકપટ કે અનીતિ કરી પૈસા કમાશો નહિ. પૈસો ઠાકોરજીની સેવામાં અને પરોપકારમાં વાપરજો. પૈસો ભેગો કરશો નહિ. આવી અનેક વાતો શ્રીવલ્લભે જગતને શીખવી છે.

આજે શ્રીવલ્લભના સેવકોની સંખ્યા આખી દુનિયામાં એક કરોડ જેટલી હોવાનું મનાય છે. શ્રીવલ્લભને પ્રગટ થયે આજે ૫૩૭ વર્ષ પૂરાં થયાં છે. છતાં તેમનો પ્રભાવ આજે પણ એવો જ છે. તેઓ આપણા સૌના ગુરુદેવ છે. તેમની કૃપાથી આપણને બ્રહ્મસંબંધ થયું છે અને સેવા મળી છે. તેમના ઉપદેશ પ્રમાણે આપણું જીવન બનાવીએ. આપણે આપણા ગુરુદેવ મધુરા મહાપ્રભુજી શ્રીવલ્લભનાં ચરણકમળોમાં સાષ્ટાંગ દંડવત્ કરીએ.

* * *



શ્રીમહાપ્રભુજીને ત્યાં સેવામાં બિરાજતાં અષ્ટનિધિ સ્વરૂપો.

With Best Compliments From

Desai Bros. & Co.

DEALING IN

Kansai Nerolac Paints
Birla White Cement
Birla Wallcare Putty
Wonder Cement
Taralac Paints
Pidilite Dr. Fixit Construction Chemicals
&
General Building Materials

Desai Bros. & Co.
Station Road, Mehsana-384002.
Ph.(02762) 222770, 244184

Rajendra R. Desai
Mobile : 098240 61750

Jignesh R. Desai
Mobile : 098243 14580

KANSAI NEROLAC PAINTS LIMITED
WONDER CEMENT
Birla White The Whitest White Cement
TARA PAINTS & CHEMICALS AHMEDABAD TARALAC®
DR. FIXIT® WATERPROOFING SOLUTIONS

Best Wishes From

Shreeji Traders
Parvati Trading Co.

પ્રકાશન તારીખ : ૧૫-૧૧-૨૦૧૬ કુલ પાના - ૬૮ કિંમત-૪૦

Registered News Paper
BALPUSHTI (Monthly)
November-2016
Permitted to Post at Mehsana RMS
on 15th of Every Month

R.N.I. No.: 54910/92
POSTAL REG. NO. G/MEH/226 (VALID UPTO 31-12-2017)
Licence to Post Without Prepayment No.: CPMG/GJ/69/2014
(VALID UPTO 31-12-2016)

શ્રીમહાપ્રભુજીનું ધ્યાન

(છંદ : શાર્દૂલવિક્રીડીત)

સૌન્દર્યં નિજહૃદ્ગતં પ્રકટિતં, સ્ત્રીગૂઢભાવાત્મકં
પુંરૂપં ચ પુનસ્તદન્તરગતં, પ્રાવીવિશત્ સ્વપ્રિયે ।
સંશ્લિષ્ટાવુભયોર્બભૌ રસમયઃ, કૃષ્ણો હિ યત્સાક્ષિકં
રૂપં તત્ ત્રિતયાત્મકં પરમભિધ્યેયં સદા વલ્લભમ્ ॥

શ્રીઠાકોરજીએ પોતાના હૃદયમાં બિરાજતાં શ્રીસ્વામિનીજીના સ્ત્રી-ગૂઢ-ભાવાત્મક સૌન્દર્ય-સ્વરૂપને પ્રકટ કર્યું. તેવી જ રીતે શ્રીસ્વામિનીજીના હૃદયમાં બિરાજતું શ્રીઠાકોરજીનું પું-ભાવાત્મક સૌન્દર્ય-સ્વરૂપ પણ પ્રકટ થયું. આમ, બંને સ્થળે પ્રકટ થયેલ બંને પ્રકારનાં સૌંદર્ય-સ્વરૂપોને શ્રીઠાકોરજીએ પોતાના પ્રિય એવા શ્રીવલ્લભાચાર્યજીમાં પધરાવ્યાં. આમ બંને પ્રકારનાં સ્ત્રી-પું-ભાવ સૌંદર્ય-સ્વરૂપોનો સંયોગ થવાથી રસાત્મક એવા શ્રીકૃષ્ણ જ પોતાના પ્રિય સ્વરૂપ (શ્રીવલ્લભાચાર્યજી) સાથે એકરસ થઇ શોભ્યા. આવી આ અદ્ભુત લીલાના સાક્ષીરૂપ અને આ ત્રણે સ્વરૂપ જેમાં બિરાજમાન છે, તેવા શ્રીમદ્ વલ્લભાચાર્યજીનું (દરેક વૈષ્ણવે) નિત્ય, ઉત્તમ રીતે ધ્યાન ધરવું.

શ્રી હરસાનીજી પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ વતી તંત્રી અને પ્રકાશક : વસંતબેન રમેશભાઈ પરીખ, 'વ્રજરજ', ૩૧, શિવ સોસાયટી વિ.૨, બી. કે. સિનેમાની બાજુમાં, મહેસાણા - ૩૮૪૦૦૨ (ફોન : ૨૫૧૨૯૮) મુદ્રક : અમિત રમેશભાઈ પરીખ, પુષ્ટિ પ્રિન્ટર્સ, સી-૧/૬૩, જી.આઈ.ડી.સી., દેદિયાસણ, મહેસાણા.

If not delivered Please Return to -
Shri Harsaniji Public Charitable Trust, Post Box No. 16, MEHSANA - 384 002. [INDIA]